
*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**



પધારો વીરપ્રભુ! પધારો જિનવાણીમાતા! પધારો કુંદકુંદપ્રભુ! જગતના સર્વોત્કૃષ્ટ રત્ન એવા આપ ત્રણેના પધારવાથી અમારું જ્ઞાનમંદિર તેમજ પરમાગમમંદિર બંને અતિશયપણે શોભી ઊઠયા છે. આપનું ચિંતન કરતાં શાંતરસના શીતળફૂવારાથી ચૈતન્યબગીચો ખીલી રહ્યો છે. અહો, આવો વીતરાગી ત્રિવેણીસંગમ કહાનગુરુના પ્રતાપે પ્રાપ્ત થયો છે, તે ભવ્યજીવોને મુક્તિમાર્ગ બતાવે છે.....આવો રે આવો! અહીં મુક્તિમારગ ખૂલ્લા છે!

તંત્રીઃ પુરુષોતમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, ફાગણ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૩૧ઃ અંક નં. ૫

365

# સમ્પાદકીય

## ઇષ્ટ-સિદ્ધિના પંથે—

જેનાથી ઇષ્ટની સિદ્ધિ થાય એવો 'ઇષ્ટઉપદેશ' આપીને ભગવાન વીરનાથે આપણને ઇષ્ટસિદ્ધિનો પંથ બતાવ્યો છે. આ પંથ તો જગતના બધા જીવોને માટે છે, પણ બધા જીવો આ પંથમાં નથી આવતા...નીકટ મુક્તિગામી કોઈક વિરલા જીવો જ આ પાવન પંથમાં આવે છે...ને જ આ પંથમાં આવે છે તે જીવ પરમઇષ્ટ એવી ચૈતન્યશાંતિને પામીને ન્યાલ થઈ જાય છે...અનંત ભગવંતોની પંક્તિમાં તેનો નંબર લાગી જાય છે.

અહા, આવો માર્ગ આજે કહાનગુરુના પ્રતાપે આપણને પ્રાપ્ત થયો છે....કહાનગુરુએ આપણને આ ઇષ્ટમાર્ગમાં લીધા છે. જીવને આવા ઇષ્ટમાર્ગની પ્રાપ્તિ એ જ કલ્યાણનો સૌથી મોટો ઉત્સવ છે. તીર્થંકરોના પંચકલ્યાણક હો કે તીર્થંકરોનો ઉપદેશ હો, - તે પણ આવા આત્મકલ્યાણ અર્થે જ ઉપકારી છે.

સાધર્મી બંધુઓ, કલ્યાણના આવા મહાન અવસરને પામીને, હવે એકક્ષણ પણ ગુમાવ્યા વગર ઇષ્ટસિદ્ધિના પંથે પગલા માંડવાનું શરૂ કરી દેવું-તે મુમુક્ષુનું કામ છે. ઘણું જીવન વીત્યું...ઘણાં વરસ વીત્યા...ઘણાં ભવ વીતી ગયા...ગઈ સો ગઈ...પણ હવે સુખનો ખજાનો ને શાંતિનો સમુદ્ર હાથમાં આવ્યા પછી દુઃખમાં ને અશાંતિમાં એકક્ષણ પણ કોણ રહે? અહા! દેખો તો સહી, ચૈતન્યતત્ત્વની મધુરતા કેવી અદ્‌ભુત છે! કેવું નિસ્પૃહ, શાંતી ને એકત્વથી તે શોભી રહ્યું છે! દૂર નથી, ઢાંકેલું નથી...પોતે જ પોતાનો સાક્ષાત્કાર કરનારું સત્ વિદ્યમાન તત્ત્વ છે. તે સત્‌માં સર્વસ્વ છે. સ્વાનુભવમાં તેની સિદ્ધિ છે. સ્વાનુભૂતિરૂપ જૈનશાસન જયવંત છે.

તે શાસનના પ્રણેતા તીર્થંકરભગવંતોને નમસ્કાર હો.

# શ્રી પરમાગમ-મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ - વિશેષાંક


વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા






વીર સં. ૨૫૦૦
ફાગણ
MAR.1974






અહો, વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના મંગલમય સન્દેશને જગતમાં ફેલાવનાર, રત્નત્રય જેવા ત્રણ શિખરોથી શોભતું આ પરમાગમ-મંદિર આજે ખુલ્લું થયું છે. ભવ્યજીવો! આવો....આવો! આનંદથી આવો.... ને પરમાગમમાં ભરેલો વીતરાગી શાંત ચૈતન્યરસ પીઓ.... ખૂબ ખૂબ પીઓ.

ગુરુદેવ કહે છે કે અહો! 'વિમલાચલ' ઉપરથી વીરનાથ ભગવાને જે વિમલ સન્દેશ આપ્યો તે જ સન્દેશ કુન્દકુન્દાચાર્યદેવે પરમાગમદ્વારા જગતને આપ્યો છે. અહો, આત્માનો આનંદ જેનાથી પમાય એવો વીરનાથનો માર્ગ જયવંત છે.

**જ્યાં વીરપ્રભુનાં વહેણ છે, કુંદકુંદપ્રભુનાં કહેણ છે;**
**મીઠાં અમૃત વેણ છે, શ્રી જિનાગમ જયવંત છે.**

# ધર્મવૃદ્ધિકર વર્દ્ધમાનદેવ



## પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી વર્દ્ધમાનને

જેમના નિર્વાણ–મહોત્સવનું ૨૫૦૦ મું વર્ષ ચાલી રહ્યું છે એવા શ્રી મહાવીર ભગવાન (ઊંચાઈ ૬૩ ઇંચ) સોનગઢ પરમાગમમંદિરમાં બિરાજી રહ્યા છે, ને પ્રભુનાં પંચકલ્યાણકનો મંગલ–ઉત્સવ આનંદથી પૂર્ણ થયો છે.

नमः श्री वर्द्धमानाय निर्द्धूत कलिलात्मने।
सालोकानां त्रिलोकानां यत्विद्यादर्पणायते।।

આ સ્તુતિમાં શ્રી સમન્તભદ્રસ્વામી કહે છે કે જેમણે આત્માના કલંકને ધોઈ નાખ્યા છે અને જેમની કેવળજ્ઞાનવિદ્યામાં ત્રણેલોક તેમજ અલોક દર્પણવત્ પ્રતિભાસે છે, એવા શ્રી વર્દ્ધમાનસ્વામીને નમસ્કાર હો.

હે ભગવાન! સમ્યગ્દ્રષ્ટિ જ આપને સાચા સ્વરૂપે ઓળખીને પૂજે છે. મિથ્યાદ્રષ્ટિ આપને ઓળખતો નથી. ઓળખવા જાય તો મિથ્યાત્વ રહેતું નથી; એક જ ચિત્તમાં આપને અને મિથ્યાત્વને સાથે રહેવામાં વિરોધ છે.

# પરમાગમના પ્રણેતા પ્રભુ ! પધારો.... પધારો !



## અહો, શુદ્ધોપયોગી સંત પ્રભુ કુંદકુંદસ્વામી !

જેમ પ્રવચનસાર–પરમાગમમાં, મોક્ષલક્ષ્મીના સ્વયંવર–મંડપમાં શુદ્ધોપયોગના બળે પંચપરમેષ્ઠી ભગવંતોનો સાક્ષાત્કાર કરીને આપે તેમને અદ્વૈત નમસ્કાર કર્યાં છે ને એ રીતે અપૂર્વ મંગલાચરણ કર્યું છે, તેમ–

–આ પરમાગમમંદિરના મંગલ મહોત્સવમાં આપ સાક્ષાત્ પધાર્યા છો, ને પરમાગમમંદિરમાં બિરાજ્યા છો; પ્રભો ! આપશ્રીએ આપેલી શુદ્ધાત્મપ્રસાદી વડે આપનો સાક્ષાત્કાર કરીને કહાનગુરુ અને અમે સૌ ભક્તજનો આપનું મંગલ સ્વાગત કરીએ છીએ....

“પધારો.... જિનરાજ.... પધારો”

આપના શાસનની કહાનગુરુદ્વારા મહાન પ્રભાવના થઈ રહી છે.

મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવના વર્ષમાં તૈયાર થયેલ

# સોનગઢનું પરમાગમ-મંદિર




## “મંગલ - ઉત્સવ આજે જ શરૂ કરો”


ભારતમાં અજોડ એવું ભવ્ય પરમાગમ મંદિર સોનગઢ માં બંધાયું છે; તેનો મંગલ ઉત્સવ આનંદથી ઉજવાઈ ગયો છે. આ મંદિરમાં કોણ બિરાજે છે?

- અઢીહજાર વર્ષ પહેલાં જેમના શ્રીમુખથી વીતરાગી પરમાગમ ઝર્યા એવા મહાવીરભગવાન આ પરમાગમમંદિરમાં બિરાજે છે. અહા! કેવી અદ્‌ભુત શાંત ગંભીર એમની મુદ્રા છે? આનંદમય આત્માની ઝલક ત્યાં દેખાય છે.
- શ્રી જિનવાણી સાક્ષાત્ ઝીલીને, અને તેને સમયસારાદિ પરમાગમમાં ગૂંથીને તેના દ્વારા જેમણે ભવ્યજીવોને પરમ આનંદની ભેટ આપી છે, એવા કુંદકુંદાચાર્ય ભગવાન પરમાગમ મંદિરમાં બિરાજે છે: સાથે અમૃતચંદ્રાચાર્ય અને પદ્મપ્રભમુનિરાજ પણ બિરાજે છે.

- જૈનશાસનના અમૂલ્ય ઘરેણાં જેવા સમયસારાદિ પંચ પરમાગમ આરસના સિંહાસનમાં બિરાજે છે.
- કુંદકુંદસ્વામીના પવિત્ર ચરણચિહ્ન બિરાજમાન છે.
- આરસની સુંદર ૪૫૦ શિલાઓમાં યુરોપના મશીનથી કોતરેલા પાંચ પરમાગમ વીતરાગીઝલક વડે પરમાગમમંદિરને શોભાવી રહ્યા છે ને જગતને વીતરાગમાર્ગનો સંદેશ આપી રહ્યા છે. અનેક ગાથાઓ સુવર્ણ–અંકિત છે.
- તીર્થંકરોના પૂર્વભવોના તેમજ અનેક વીતરાગી સંતોના વૈરાગ્યરસભરેલા પચાસ ઉપરાંત ચિત્રો આત્મિક આરાધનાની પ્રેરણા આપી રહ્યા છે.
- ચારે બાજુ આરસની સુંદર બાંધણીવાળું મંદિર, સોનેરી શિખરો ઉપર જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવી રહ્યું છે. કુલ ૧૯ કળશ છે.
- જૈનધર્મના દેવ–ગુરુ–શાસ્ત્રનો આવો ત્રિવેણીસંગમ જોઈને મુમુક્ષુ આત્માને પ્રસન્નતા થાય છે ને રત્નત્રયમાર્ગમાં ઉત્સાહ જાગે છે. પૂ. શ્રી કાનજીસ્વામીના શ્રીમુખથી રત્નત્રયમાર્ગનું સ્વરૂપ સાંભળતાં મુમુક્ષુજીવો આનંદથી ચૈતન્યની આરાધના કરે છે.
- શ્રીગુરુમુખથી પરમાગમનો વીતરાગી સંદેશ સાંભળવા આપ પણ સોનગઢ આવો, ને જીવનમાં અમૂલ્ય લાભ લ્યો.
- બંધુઓ, સર્વે સંતોએ કહેલી વાત, જે વારંવાર ગુરુદેવ પણ કહી રહ્યા છે, તે મહત્ત્વની વાતને બરાબર ધ્યાનમાં રાખજો કે વીતરાગભાવે શુદ્ધાત્મતત્ત્વની ઉપાસના કરવી તે સર્વે જિનાગમનો સાર છે.... તે જ સાચો ધાર્મિકઉત્સવ છે.... તે જ દેવ–ગુરુની આજ્ઞા છે ને તે જ મુમુક્ષુનું જીવન છે. આત્મામાં આવી આરાધનાનો મંગલ–મહોત્સવ ‘આજે જ’ શરૂ કરો.

**“આરાધના એ જ મોક્ષનો મહોત્સવ છે.”**

# “મંગલ આત્મા ગુરુદેવ”



અહો ગુરુદેવ! વીરનાથપ્રભુના માર્ગમાં કુંદકુંદપ્રભુના શાસનની અજોડ પ્રભાવના કરીને આપ અમારા ઉપર જે મહાન ઉપકાર કરી રહ્યા છો, તે દેખીને વિદેહના સમવસરણની વાતું યાદ આવે છે. આપશ્રી જેવા ‘મંગલ’ આત્માના સેવનથી અમને પણ મંગલની પ્રાપ્તિ થઈ છે.

અહો, મહાવીર ભગવાનના મોક્ષગમનના આ અઢીહજારમા વર્ષમાં તેમના મંગલ પંચકલ્યાણક ઉજવવાનું સૌભાગ્ય આપના પ્રતાપે અમને પ્રાપ્ત થયું છે. પ્રભુનો માર્ગ આપે અમને આપ્યો છે, ને જિનવાણીનું અમૃત આપ અમને દરરોજ પીવડાવી રહ્યા છો. અત્યારે આપની છાયામાં ‘સ્થાપના–નિક્ષેપે’ પંચકલ્યાણક નજરે જોઈએ છીએ; થોડા વખત પછી આપની છાયામાં ‘ભાવનિક્ષેપે’ પંચકલ્યાણક નજરે જોઈશું. અહા, ધન્ય હશે એ અવસર!

આત્મહિતકારી પંચકલ્યાણક જયવંત વર્તો.

# ૧૧ કુમારિકા બહેનોએ લીધેલી બ્રહ્મચર્યની દીક્ષા

**ફાગણ સુદ ૧૩ ના રોજ સોનગઢમાં પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સમક્ષ નીચેના ૧૧ કુમારિકા બહેનોએ આત્મહિતના લક્ષે આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે:-**

| | |
|---|---|
| ૧. ઉષાબેન ( વ્રજલાલ જીવણલાલ શેઠની સુપુત્રી S.S.C. ઉં. વ. ૩૦ ) | અમદાવાદ |
| ૨. મધુબેન ( મનસુખલાલ છોટાલાલની સુપુત્રી B. A. ઉં. વ. ૩૦ ) | મુંબઈ |
| ૩. સુમિત્રાબેન ( ભાઈલાલ ઘેલાભાઈની સુપુત્રી S.S.C. ઉં. વ. ૩૦ ) | મદ્રાસ |
| ૪. જિનમતીબેન ( છોટાલાલ રાયચંદની સુપુત્રી B. A. ઉં. વ. ૨૮ ) | ચુડા |
| ૫. ગુણવંતીબેન ( પાનાચંદ ગોવિંદજીની સુપુત્રી S.S.C. ઉં. વ. ૨૭ ) | અડતાલા |
| ૬. લતાબેન ( પોપટલાલ છગનલાલની સુપુત્રી S.S.C. ઉં. વ. ૨૭ ) | લીંબડી |
| ૭. નીલાબેન ( ત્રંબકલાલ હિંમતલાલની સુપુત્રી S.S.C. ઉં. વ. ૨૭ ) | સુરેન્દ્રનગર |
| ૮. વિમલાબેન ( રીખવદાસ કપુરચંદની સુપુત્રી S.S.C. ઉં. વ. ૨૬ ) | મુંબઈ |
| ૯. સુલોચનાબેન ( શાંતિલાલ ગીરધરલાલની સુપુત્રી S.S.C. ઉં. વ. ૨૫ ) | સોનગઢ |
| ૧૦. માલતીબેન ( હિંમતલાલ હરગોવિંદદાસની સુપુત્રી B.A. ઉં. વ. ૨૪ ) | ભાવનગર |
| ૧૧. પુષ્પલતાબેન ( ફૂલચંદજી ઝાંઝરીની સુપુત્રી B. A. ઉં. વ. ૨૧ ) | ઉજ્જૈન |

– આ બધા સુશિક્ષિત બહેનો જૈનધર્મનાં ઉત્તમ સંસ્કાર ધરાવે છે; અનેક વર્ષોથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે; ગુરુદેવના પ્રવચનમાં અધ્યાત્મરસની જે શાંતધારા વહે છે–તેની મીઠાશ પાસે સંસારના વિષયો અત્યંત નીરસ છે–એમ સમજીને, ચૈતન્યરસની સાધના માટે જીવન વીતાવવાની ભાવના તેઓને જાગી છે; પવિત્રાત્મા

પૂ. બેનશ્રી–બેનની મંગલછાયામાં અનેક વર્ષોથી રહીને આત્મહિતની પ્રેરણાઓ મેળવી છે; અને વૈરાગ્યપૂર્વક, જીવનમાં નિવૃત્તિથી આત્મહિત સાધીએ–એવી ભાવનાથી તે બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. મુમુક્ષુના જીવનનું જે સત્ય ધ્યેય છે તે ધ્યેયના માર્ગે આગળ વધીને અમારી આ બ્ર. બહેનો પોતાનું આત્મહિત શીઘ્ર સાધો–એવી શુભેચ્છા સાથે તે બહેનોને ધન્યવાદ!

બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરાવતાં ગુરુદેવે કહ્યું કે આજે આ ૧૧ બહેનો બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લ્યે છે. ૫૧ બહેનો પહેલાંનાં છે ને ૧૧ બહેનો આજે થાય છે;–કુલ ૬૨ બ્ર. બહેનો થયાં છે. આ બધો પ્રતાપ ચંપાબેનનો છે–એમ કહીને પૂ. બેનશ્રી ચંપાબેનની અંતરંગ આત્મદશાનો મહિમા પ્રસિદ્ધ કર્યો હતો;–જે સાંભળતાં સર્વે સભાજનોને ઘણી પ્રસન્નતા થઈ હતી વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે સમાજવતી બ્ર. બહેનોને અભિનંદન આપ્યા હતા. બહેનો! આપણું ધ્યેય ઘણું મહાન છે.... પ્રભુ શ્રી વીરનાથના વીતરાગ માર્ગે આપણે જવાનું છે.... એટલે રાગ–દ્વેષના કોઈ પ્રસંગમાં ક્યાંય અટકયા વગર, સંતોએ આપણને જે પવિત્ર ચૈતન્યતત્ત્વ બતાવ્યું છે તે પરમબ્રહ્મ ચૈતન્યતત્ત્વના ધ્યેયે આનંદમય આત્મજીવન પ્રાપ્ત કરજો.

–બ્ર. હરિલાલ જૈન

(૧૧ બ્ર. બહેનોનો ફોટો આ છપાતાં સુધીમાં મળી શક્યો નથી; મળશે એટલે આત્મધર્મમાં છાપીશું)

દિવ્યધ્વનિના વાજાં વડે મોક્ષપુરીના મંગલ દરવાજા
ખોલનાર, ને ભવ્ય જીવોનાં અંતરમાં
ભાવશ્રુતના દીવડા પ્રગટાવનાર
ત્રિકાલવર્તી તીર્થંકર ભગવંતો!
અમ આંગણે
પધારો.... પધારો.... પધારો.

# પરમાગમમાં શ્રીમહાવીરપ્રભુએ આપેલ ઈષ્ટઉપદેશ

**દેવગુરુધર્મની છાયામાં આનંદથી ઉજવાયેલો શાંતિનો મહાન ઉત્સવ.**

**મોક્ષનો મંગલ માર્ગ બધા જીવોને માટે ખુલ્લો છે.**

**( ફાગણ સુદ ૩ નું મંગલપ્રવચન )**

**પચીસ હજાર જેટલા શ્રોતાજનોની સભાને ચૈતન્યરસના ઝુલે ગુરુદેવ ઝુલાવી રહ્યા છે; શ્રોતાજનો સ્તબ્ધ થઈને ગુરુમુખે ઝરતો જિનવાણીનો રસ પી રહ્યા છે. વાહ! કેવો મધુર ચૈતન્યરસ ભર્યો છે આ જિનવાણીમાં! આવા જિનવાણી માતાજી આજે પરમાગમ મંદિરમાં પધાર્યા છે, ને ભક્તોના હૈયા હર્ષવિભોર બની રહ્યા છે. ગુરુદેવના પ્રવચનનો ઉમળકો આજ કોઈ અનેરા ભાવથી ઉલ્લસી રહ્યો છે. ગુરુદેવ કહે છે કે: ભગવાન મહાવીરનાં ઉપદેશમાં આ આવ્યું હતું, ને સીમંધર પરમાત્મા પણ આવો જ ઉપદેશ અત્યારે દઈ રહ્યા છે કે આત્માના ઉપયોગમાં જ્ઞાનક્રિયા તે અહિંસા છે, ને રાગક્રિયા તે હિંસા છે. -આવો ઉપદેશ તે જ વીતરાગતાનો ઉપદેશ છે, ને વીતરાગતાનો ઉપદેશ તે જ ઈષ્ટ ઉપદેશ છે.**

અહો, જગતને ચૈતન્યહિતનો પરમ ઈષ્ટ સન્દેશ દેનારા એવા જિનેન્દ્રભગવંતોનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સ્વ આનંદ–ઉલ્લાસથી આપણે સૌએ ઉજવ્યો. પ્રભુના પંચકલ્યાણકનો મહોત્સવ એટલે સર્વે જીવોને માટે શાંતિનો મહોત્સવ. શાંતિનો આ મહોત્સવ ખરેખર અનેરી શાંતિપૂર્વક ઉજવાયો. જગત જ્યારે ભડકે બળતું હતું ત્યારે વીતરાગદેવની છાયામાં આવેલા ભવ્યજીવો સુવર્ણપુરીમાં અનેરી ઠંડક અનુભવતા હતાં.

આપણા જિનેન્દ્રભગવંતો તો ચૈતન્યની અતીન્દ્રિયની શાંતિરૂપે પરિણમેલા છે. જેમ ઠંડકના પિંડરૂપ બરફની નજીક પણ ઠંડક લાગે છે તેમ અતીન્દ્રિય શાંતિના પિંડલા

એવા દેવ–ગુરુની નીકટતામાં આપણે પણ એવી ઠંડક અનુભવીએ છીએ. અહો, મહાન ભાગ્ય છે આપણા કે જગતમાં શ્રેષ્ઠ એવા જિન ભગવાન આપણને મળ્યા, ને એ ભગવાનનો માર્ગ શ્રી ગુરુદેવે આપણા માટે ખુલ્લો કર્યો. આવો રે આવો ! જગતના બધા જીવોને માટે આ મંગલમાર્ગ ખુલ્લો છે.

આજે ભગવાનની પ્રતિષ્ઠાનો, ને પરમાગમની પ્રતિષ્ઠાનો મંગલ દિવસ છે; જેનાથી જન્મ–મરણનો અંત આવે એવી વાત પરમાગમોમાં કુંદકુંદાચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે.

ભગવાને અનેકાન્ત, અહિંસા અને અપરિગ્રહનો ઉપદેશ આપ્યો છે, પણ તેનું સાચું સ્વરૂપ શું છે? તે અહીં આ જ્ઞાનક્રિયામાં આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવ્યું છે.

ભગવાને વિપુલાચલ પર્વત ઉપર રાજીગૃહી નગરીમાં દિવ્ય–ધ્વનિમાં જે ઉપદેશ આપ્યો ને ગૌતમ ગણધરે તે ઝીલીને બાર અંગમાં સૂત્રરૂપે ગૂંથ્યો, તેના 'જ્ઞાનપ્રવાદ' માંથી આવેલો જ્ઞાનપ્રવાહ કુંદકુંદાચાર્યદેવે આ સમયસાર વગેરે પરમાગમોમાં સંઘર્યો છે. તેમાં વીતરાગી સંતોએ વીતરાગતાનો ઉપદેશ આપ્યો છે. ચૈતન્યનો આનંદ જગતના જીવો કેમ પામે, સર્વે જીવો આત્માના આનંદના રસિક થાય ને ધર્મ પામે–એવી ભાવના તીર્થંકરોએ પૂર્વભવમાં ભાવી હતી, તેનાં ફળમાં જે દિવ્યવાણી નીકળી તે પણ જગતના જીવોને આત્માના આનંદનું નિમિત્ત છે. મહાવીર ભગવાને અર્થરૂપે જે ઉપદેશ દિવ્ય–ધ્વનિમાં દીધો, તે જ ઉપદેશ વીતરાગી સંતોએ સૂત્રરૂપે ગૂંથ્યો છે, તે સૂત્રોની સ્થાપનાનો આ મહોત્સવ છે.

તે પરમાગમ સૂત્રોમાં ભગવાને શું કહ્યું છે? ભગવાને એમ કહ્યું છે કે આત્મા ઉપયોગસ્વરૂપ છે; ઉપયોગને અને ક્રોધને ભિન્નતા છેઃ ઉપયોગની ક્રિયામાં રાગ નથી. રાગ વગરની જે શુદ્ધોપયોગ દશા તે જ ભગવાને કહેલો પરમ અહિંસા ધર્મ છે, અને રાગાદિભાવોની ઉત્પત્તિ તે હિંસા છે.

શુદ્ધોપયોગરૂપ જે પરમ અહિંસા છે તે વીતરાગભાવ છે, તેથી તેમાં અપરિગ્રહપણું છે. આવી વીતરાગ શુદ્ધોપયોગદશા તે જ જીવનું જીવન છે, –આવું જીવન ભગવાન જીવે છે, અને બીજાને પણ એવું જીવન જીવવાનો ઉપદેશ આપ્યો છે. શુદ્ધોપયોગમાં ચૈતન્યના આનંદ–શાંતિ–શ્રદ્ધા વગેરે અનંત ગુણોનું વેદન એક સાથે છે. તેમાં રાગનો અભાવ છે, તે જ અનેકાન્ત ધર્મ છે.

શ્રી શાંતિપ્રસાદજી શાહૂ પૂછે છે કે પહેલાં શું કરવું તે વાત કહો. આત્માનો

અનુભવ કેમ થાય ? તે સમઝના ચાહતે હૈં !

ગુરુદેવ તેના ઉત્તરમાં કહે છે કે આત્મા ઉપયોગસ્વરૂપ છે, તેના ઉપયોગને ક્રોધાદિથી ભિન્નતા છે–આવી ઓળખાણ અને ભેદજ્ઞાન કરવું તે જ પહેલાં કરવાનું છે. તેમાં જ અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ સમાય છે. આ જ જન્મ–મરણ મટાડવાનું મહાન ઔષધ છે.

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ....**
**સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ,**
**ઔષધ વિચાર ધ્યાન.**

ભાઈ, આ વાત સમજ્યાં વગર સંસારનાં જન્મ–મરણનાં દુઃખ મટે તેમ નથી. અઘરૂં લાગે કે સહેલું લાગે–પણ આ સમજ્યે છૂટકો છે, આનંદસ્વરૂપ આત્માની વાત દુર્લભ છે, પણ અશક્ય નથી. સંતોએ જે રીતે સમજાવ્યું છે તે રીતે સમજે તો તે સુલભ છે. ભેદજ્ઞાનની અપૂર્વ વાત આચાર્યદેવે આ સંવર–અધિકારમાં સમજાવી છે.

ઉપયોગમાં ઉપયોગ છે, એટલે કે જ્ઞાનપરિણતિરૂપ જે ઉપયોગ તે આત્માનું સ્વરૂપ છે, ક્રોધાદિમાં ઉપયોગ નથી, એટલે તે ક્રોધાદિ આત્માનું સ્વરૂપ નથી. બંનેની જાત સર્વથા જુદી છે. બંનેના વેદનનો સ્વાદ તદ્દન જુદો છે,–ઉપયોગના સ્વાદમાં શાંતિ છે, ને રાગાદિના સ્વાદમાં અશાંતિ છે.–આવું ભેદજ્ઞાન કરીને તેના સંસ્કાર એવા દ્રઢ પાડવા જોઈએ કે સ્વપ્નમાં પણ તેના ભણકાર આવે કે હું જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છું.

પચીસ હજાર જેટલા શ્રોતાજનોની સભાને ચૈતન્યરસના ઝુલે ગુરુદેવ ઝુલાવી રહ્યા છે; શ્રોતાજનો સ્તબ્ધ થઈને ગુરુમુખે ઝરતો જિનવાણીનો રસ પી રહ્યા છે. વાહ ! કેવો મધુર ચૈતન્યરસ ભર્યો છે આ જિનવાણીમાં ! આવા જિનવાણી માતાજી આજે પરમાગમ મંદિરમાં પધાર્યા છે, ને ભક્તોના હૈયા હર્ષવિભોર બની રહ્યા છે. ગુરુદેવના પ્રવચનનો ઉમળકો આજ કોઈ અનેરા ભાવથી ઉલ્લસી રહ્યો છે. ગુરુદેવ કહે છે કેઃ ભગવાન મહાવીરના ઉપદેશમાં આ આવ્યું હતું, ને સીમંધર પરમાત્મા પણ આવો જ ઉપદેશ અત્યારે દઈ રહ્યા છે કે આત્માના ઉપયોગમાં જ્ઞાનક્રિયા તે અહિંસા છે, ને રાગક્રિયા તે હિંસા છે, –આવો ઉપદેશ તે જ વીતરાગતાનો ઉપદેશ છે. ને વીતરાગતાનો ઉપદેશ તે જ ઇષ્ટઉપદેશ છે.

'રાગ આગ દહે સદા તાતેં સમામૃત સેવિયે' ભેદજ્ઞાન તે સમામૃત છે, રાગ–

અશુભ હો કે શુભ, તેમાં સમામૃત નથી, ચૈતન્યની શાંતિ તેમાં નથી. ચૈતન્યની શાંતિ તો ઉપયોગસ્વરૂપ આત્માના વેદનમાં જ છે. આવી જ્ઞાનક્રિયા તે અલૌકિક ક્રિયા છે; અહો, આવી જ્ઞાનક્રિયા બતાવનારા પાંચ પરમાગમોની આજે મંદિરમાં પ્રતિષ્ઠા થાય છે; ને તેમાં કહેલું ભેદજ્ઞાન કરવું તે આત્મામાં ભાવશ્રુતની પ્રતિષ્ઠા છે. જેણે આવી ભાવશ્રુતની પ્રતિષ્ઠા કરી તેણે કેવળજ્ઞાનને આત્મામાં બોલાવી લીધું. ભાવશ્રુત થયું ત્યાં હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટયે જ છૂટકો.

અહો, જાણે કેવળજ્ઞાનની આ વાતને દેવો વધાવતા હોય એમ એકાએક આકાશમાં જોરદાર ધમધમાટ થવા લાગ્યો, ચારેકોર આનંદ ફેલાઈ ગયો.... શેનો છે આ અવાજ! અરે, એ તો આ મંગલપ્રસંગે સુવર્ણધામમાં પુષ્પવૃષ્ટિ કરવા હેલિકોપ્ટર–વિમાન આવી પહોંચ્યું હતું. પણ આ શાંત ચૈતન્યરસની ધોધમાર વર્ષા વચ્ચે એ ધમધમાટવાળા વિમાન સામે જોવાની કોને ફૂરસદ હતી?

ચૈતન્યની સ્વભાવક્રિયા તો ઉપયોગરૂપ છે, તેમાં રાગનો કોઈ અંશ સમાય નહિ. જેને ઉપયોગસ્વરૂપ આત્માની રુચિ હોય તેને રાગની રુચિ રહે નહિ. અને તેને જ સાચો વીતરાગી અહિંસા ધર્મ હોય છે. સાધકના ભાવમાં જ્ઞાનધારા જુદી છે ને રાગધારા જુદી છે, જ્ઞાનધારા તો આનંદરૂપ છે, રાગધારા દુઃખરૂપ છે; આનંદરૂપ જ્ઞાનધારા તે જ અહિંસા ધર્મ છે, તે અનેકાન્ત છે ને તે જ રાગરહિત અપરિગ્રહપણું છે; જે દુઃખરૂપ રાગધારા છે તે અહિંસા નથી, જેટલો રાગ છે તેટલી ચૈતન્યપ્રાણની હિંસા છે, તેટલો પરિગ્રહ છે. અહો, આવું ભેદજ્ઞાન કરે તો જ સારભૂત આત્મા પ્રાપ્ત થાય. અરે, જેમાંથી સારભૂત આત્મા ન નીકળે, તેનાથી સ્વર્ગ મળે તો પણ આત્માને શું લાભ? આજે સમજો કે કાલે સમજો–પણ આત્માનું આ સ્વરૂપ સમજ્યે જ ભવનો અંત આવે તેમ છે. ભગવાન મહાવીરે વિમલાચલ ઉપર આપેલો આ વિમલ ઉપદેશ છે; જે પરની ઉપેક્ષા કરાવીને સ્વમાં સન્મુખતા કરાવે છે; નિશ્ચયનો આશ્રય કરાવીને વ્યવહારનો આશ્રય છોડાવે છે.

અહો, આવું ભેદવિજ્ઞાન બતાવનારા પરમાગમો આપીને કુંદકુંદાચાર્યદેવે ભરત ક્ષેત્રના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે; ને આજે ગુરુકહાન તે પરમાગમોનું રહસ્ય સમજાવીને આપણા ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે.

**જય મહાવીર**

## ❀ શ્રી જિનવાણી – સમાચાર ❀

**અહો, સમયસાર ! તમે તો સાધક જીવના હૃદયના પ્રાણ છો, અને આત્માને દેખવા માટેની આંખ છો.**

## 卐 ૧૭ મી વખત સમયસારની સમાપ્તિ 卐

ફાગણ સુદ તેરસના રોજ સોનગઢમાં પરમાગમ–મંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ આનંદથી પુર્ણ થયો; બીજે દિવસે ફાગણ સુદ ૧૪ નાં રોજ પરમાગમભક્તિના આનંદમય વાતાવરણ વચ્ચે, પ્રવચનમાં સમયસાર–પરમાગમનું ૧૭ મી વખતનું વાંચન પૂરું થયું.... ગુરુગમે આ સમયસારના અભ્યાસનું ફળ આત્માના પરમ આનંદનો અનુભવ છે એવા આશીર્વાદપૂર્વક સમયસાર સમાપ્ત કર્યું–

**આ સમયપ્રાભૃત પઠન કરીને અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે સૌખ્ય ઉત્તમ તે થશે.**

અહો, પરમાગમના અભ્યાસનું કેવું ઉત્તમ ફળ આચાર્યદેવે બતાવ્યું છે! અનેક ભવ્ય જીવો એવા ઉત્તમ ફળને પામ્યા છે, પામે છે ને પામશે. આવા પરમાગમ–જિનાગમ જગતમાં જયવંત વર્તો.... “ધન્ય દિવ્યવાણી ૐકારને રે.... જેણે પ્રગટ કર્યો આત્મદેવ.... જિનવાણી જયવંત ત્રણલોકમાં રે....”

પરમાગમ–મંદિરનો પ્રતિષ્ઠા–મહોત્સવ ૧૭આની ઉલ્લાસથી પૂરો થયો ને તેની સાથે જ સમયસાર–પરમાગમ ઉપર ૧૭ મી વખત પ્રવચનો પણ પૂરા થયા.... અહો, ‘સમયસાર!’ તમે તો સાધક જીવના હૃદયનાં પ્રાણ છો. આત્માને દેખવા માટેની તમે આંખ છો.... તમારા ભાવનું ભાસન થતાં અમને તો કુંદકુંદસ્વામીનો ને સીમંધરાદિ જિનેશ્વરોનો જ સાક્ષાત્ ભેટો થયો છે. આ પંચકાળમાં તમે જિનશાસનનો ભંડાર છો.... ભવ્યજીવોને ઉત્તમ આત્મમુખના દાતાર સમયસાર જયવંત વર્તો.

સમયસાર પૂરુ થતાં, બીજે દિવસે (ફાગણ સુદ ૧૫ થી) ‘કળશ–ટીકા’ ઉપર પ્રવચનો શરૂ થયા. કળશ–ટીકા એ પણ ‘સમયસાર’ નું જ દોહન છે. અધ્યાત્મરસના ઘોલનપૂર્વક ગુરુદેવના અદ્ભુત પ્રવચન ચાલી રહ્યા છે.

પૂ. ગુરુદેવ સુખ-શાંતિમાં બિરાજી રહ્યા છે. બધાં જ કાર્યક્રમો વ્યવસ્થિત નિયમિત-શાંતિપૂર્વક આનંદમય વાતાવરણમાં ચાલી રહ્યા છે. જ્યાં અધ્યાત્મની ચર્ચા અને ચૈતન્યરસનું ઘોલન છે ત્યાં તો નિરંતર ધર્મનો મહોત્સવ જ ચાલી રહ્યો છે; એટલે આપણે તો હજી દિન-રાત નિરંતર મહોત્સવ ચાલુ જ છે, ને ઠેઠ મોક્ષપ્રાપ્તિ સુધી સાધકભાવનો આનંદોત્સવ અખંડપણે ચાલ્યા કરશે. અહો, શ્રી જિનેન્દ્રશાસન જયવંત વર્તો-કે જેના સેવનથી આનંદમય મોક્ષમાર્ગ પમાય છે.

# જિનભગવાને કહેલું શુદ્ધ સ્વદ્રવ્ય જેના આશ્રયે મોક્ષસુખ સધાય છે

**કર્મરહિત, અનુપમ, નિત્ય જ્ઞાનસ્વરૂપ શુદ્ધઆત્મા તે સ્વદ્રવ્ય છે.**

(ફાગણ સુદ ૧૫ પ્રવચનઃ મોક્ષપ્રાભૃત ગાથા-૧૮)

સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ છે, ને પરદ્રવ્યના આશ્રયે દુર્ગતિ છે.
-એ ભગવાન મહાવીરપ્રભુએ કહેલા સિદ્ધાંતનો સાર છે.

સુગતિ એટલે મોક્ષ; શુદ્ધ પરિણમન.
દુર્ગતિ એટલે સંસાર; વિકાર પરિણમન.
સ્વદ્રવ્ય એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા;
જ્ઞાનસ્વરૂપથી ભિન્ન તે બધુંય પરદ્રવ્ય.

શુદ્ધ સ્વદ્રવ્યમાં લીનતા છોડીને જેટલો પરદ્રવ્યનો આશ્રય છે તેટલો રાગ છે.

જેટલો રાગ છે તેટલું દુઃખ છે; ને દુઃખ નું નામ જ દુર્ગતિ છે.

જેટલો સ્વદ્રવ્યનો આશ્રય છે તેટલું સુખ છે, તે સુગતિ છે, તેમાં રાગ કે દુઃખ નથી.

ભગવાને સ્વદ્રવ્યના આશ્રયે મોક્ષસુખ કહ્યું છે.

મોક્ષમાર્ગ સ્વદ્રવ્યના આશ્રયે છે.

સમ્યગ્દર્શન પણ સ્વદ્રવ્યના જ આશ્રયે છે.

નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. (સમયસાર ૨૭૨)

ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. (સમયસાર ૧૧)

આ રીતે ભગવાને સ્વદ્રવ્યના આશ્રયે ધર્મ કહ્યો છે.

તો હવે ભગવાને સ્વદ્રવ્ય કોને કહ્યું છે? તે જાણવાની જિજ્ઞાસા થતાં શ્રી કુંદકુંદસ્વામી તેનો ઉત્તર કહે છેઃ–

दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाणविग्गहं णिच्चं।

सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवदि सद्दव्वं।। १८।।

જે નિત્ય જ્ઞાનસ્વરૂપ છે, દુષ્ટાષ્ટ-કર્મવિહીન છે;

જિનવરકથિત અનુપમ અહો! સ્વદ્રવ્ય તે શુદ્ધાત્મ છે. (૧૮)

સદાય ઉપયોગસ્વરૂપ આત્મા છે, તે અનુપમ છે, તે સ્વતત્ત્વ છે, તેની સન્મુખતાથી વીતરાગભાવ થાય છે, ને વિકાર તથા આઠ કર્મનો નાશ થઈ જાય છે. માટે સ્વદ્રવ્ય ને જાણીને તેનો આશ્રય કરવો તે જ મુમુક્ષુનું કર્તવ્ય છે, ને તે જ પરમાગમનું ફરમાન છે.

પરમાગમના સારરૂપ જે ઉપયોગમય શુદ્ધ આત્મા, તેને જાણીને, શ્રદ્ધાજ્ઞાનપૂર્વક તેમાં જે ઠર્યો તે જીવે પોતાના ચૈતન્યમંદિરમાં આનંદથી ભાવશ્રુતની પ્રતિષ્ઠા કરી. જેને કલ્યાણ કરવું હોય તેને માટે ભગવાનનો આ સન્દેશ કુંદકુંદાચાર્યદેવે પરમાગમ દ્વારા આપ્યો છે; હે ભવ્ય જીવો! રાગથી પાર એવું જે શુદ્ધ–અનુપમ–ચૈતન્યતત્ત્વ તે તમારું સ્વદ્રવ્ય છે ને તેનો જ તમે આશ્રય કરો; એ સિવાય સમસ્ત પરદ્રવ્યો કે પરભાવોને સ્વથી ભિન્ન જાણો. આ કાર્ય શીઘ્ર કરો. આ જ ઇષ્ટ–ઉપદેશ છે.

અહો, આ આત્મા જ એવું સારભૂત તત્ત્વ છે કે જેને જાણતાં જાણનારને સુખ થાય છે. આત્મામાં સુખ છે, ને તેને જાણતાં સુખનો અનુભવ થાય છે; અચેતનમાં કે રાગાદિ અશુદ્ધભાવોમાં સુખ નથી, ને તેનાં આશ્રયે સુખ થતું નથી. જે શુદ્ધ આત્માને સ્વદ્રવ્યપણે જાણે છે તેને જ શુદ્ધતા થાય છે; જે અશુદ્ધસ્વરૂપે આત્માને જાણે છે તેને અશુદ્ધતા થાય છે. સ્વદ્રવ્યનું સાચું સ્વરૂપ જીવે કદી જાણ્યું નથી. માટે કહે છે કે સ્વદ્રવ્યને ત્વરાથી જાણીને તેની રક્ષા કરો.

## તીર્થધામ સોનગઢમાં આનંદથી ઉજવાયેલ

# પરમાગમ-મંદિર-પ્રતિષ્ઠા મહોત્સવ

**ચૈતન્યતત્ત્વના અનંત મહિમાને જગતમાં પ્રસિદ્ધ કરનાર શ્રી જિનેન્દ્રદેવના પંચકલ્યાણક જયવંત વર્તો.... પરમ શાંતિરૂપ જૈનધર્મ જયવંત વર્તો.**

શ્રી જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણકનો મહોત્સવ એ આત્મહિતનો મંગલ અવસર છે. તીર્થંકરપ્રભુના કલ્યાણક પ્રસંગે જગતના ઘણા જીવો ધર્મ પામે છે. એવો અવસર નજરે નીહાળવો તે મહાભાગ્ય છે.

卐

મહોત્સવના મંગલ–આશીર્વાદરૂપે ગુરુદેવ કહે છે કે આ તો જ્ઞાનનો ને શાંતિનો મહોત્સવ છે. વચ્ચે શુભરાગ હો, પણ આત્માનું સાચું જ્ઞાન ને શાંતિ તે જ ધર્મનો મોટો મહોત્સવ છે.

卐

[ પંચકલ્યાણક મહોત્સવનો આંખે દેખ્યો અહેવાલ: લે. બ્ર. હરિલાલ જૈન ]

શ્રી મહાવીર ભગવાનના મોક્ષગમનના આ ૨૫૦૦ મા વર્ષમાં સોનગઢના પરમાગમ મંદિરમાં મહાવીરભગવાનની પ્રતિષ્ઠા થઈ અને પંચકલ્યાણકનો મહાન ઉત્સવ ઉજવાયો. ભારતભરના મુમુક્ષુઓ અત્યંત આતુરતાથી જેની વાટ જોતા હતા તે મંગલ ઉત્સવ ફાગણ સુદ પાંચમથી તેરસ સુધી આનંદથી ઉજવાઈ ગયો; વીસહજારથી વધુ ભક્તજનોએ ઉત્સાહથી તેમાં ભાગ લીધો. મહોત્વના મંગલ પ્રારંભમાં ગુરુદેવે કહ્યું કે **આ તો જ્ઞાનનો મહોત્સવ છે; શાંતિનો ને જ્ઞાનનો આ મહોત્સવ છે. વચ્ચે શુભરાગ હો, પણ ખરું પ્રયોજનરૂપ તો સાચું જ્ઞાન છે. આત્માનું સાચું જ્ઞાન ને શાંતિ તે જ ધર્મનો મોટો મહોત્સવ છે.**

શ્રી પરમાગમ મંદિરમાં મહાવીર પ્રભુની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ નજીક આવી રહ્યો હતો તેમ તેમ ભક્તજનો અંતરની હોંશ થી અવનવી તૈયારીઓ કરી રહ્યા હતાં. ઘરઘર મંગલગીત ગવાતા હતા, તોરણ–મંડપ બંધાતા હતા, વિવિધ શણગાર થતા હતા, ગુરુદેવ રોજ–રોજ પરમાગમનો મહિમા પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના ઉલ્લાસને ઉત્તેજીત કરતા હતા. અરે, આવો અવસર ક્યાંથી આવે! ઉત્સવની પૂર્વ તૈયારી વખતના ધમધોકાર વિચિત્ર વાતાવરણમાં એ ધર્મકાળનું ને તે ધર્મકાળમાંય ૭૦૦ મુનિઓ ઉપરના ઘોર ઉપસર્ગનું આજે સ્મરણ થાય છે. અરે, ચોથા આરા જેવા ધર્મકાળમાંય ધર્મ ઉપર ઉપસર્ગ થયો! પણ ઉપસર્ગ તો જ્યાં ધર્મ હોય ત્યાં જ હોય ને! અધર્મ ઉપર ઉપસર્ગ શો? જ્યાં ધર્મ નથી ત્યાં ઉપસર્ગ કોને? પણ ધર્મ ઉપરનો ઉપસર્ગ લાંબોકાળ ટકી શકે નહિ. રાષ્ટ્રનું અને તેમાંય ગુજરાતનું રાજકીય–સામાજિક વાતાવરણ જ્યારે એકદમ ક્ષુબ્ધ થઈ ગયું હતું, જેની ચિંતાજનક અસર સોનગઢ સુધી પણ પહોંચી ગઈ હતી, અરે, બે–ત્રણ દિવસ તો ગંભીર ચિંતાના ઘેરા વચ્ચે કાર્યકરોએ ખાધું ન હતું ને ઊંઘ પણ લીધી ન હતી;.... ઉત્સવનું શું થશે! એની પળેપળે ચિંતામાં હજારો ભક્તજનો ઉદાસ હતા.... પણ.... આ તો જૈનશાસનનો મહોત્સવ! જૈનધર્મની વીતરાગી શાંતિ પાસે અશાંતિ કેમ ટકી શકે! વાહ રે વાહ! જૈનધર્મ, તારો પ્રભાવ! વીરનાથ પ્રભુ પધારવાની તૈયારી થઈ ને વિપત્તિના વાદળ વીંખાઈ ગયા, સુવર્ણપુરી ફરીને આનંદથી ખીલી ઉઠી.... ઉત્સવમાં મંગલ વાજાં ગાજી ઊઠયા.... ભક્તોનાં હૃદય પ્રભુભક્તિથી પ્રફુલ્લિત થયા....

**આવ્યા જિણંદ ઉર જાગ્યા ઉમંગ પૂર.... દીઠાં વિભવ જિનજીનાં.**

## -: ઉત્સવપ્રસંગે મંગલભાવના:-

(મુરબ્બી શ્રી રામજીભાઈનો સંદેશ)

આ મહોત્સવ છે તે પરમ શાંતિનો મહોત્સવ છે, ને તે આખા જગતને પરમ શાંતિનું તથા કલ્યાણનું કારણ છે; કેમકે મહાવીર ભગવાનના નિર્વાણ–મહોત્સવના અઢી હજારમા વર્ષના અનુસંધાનમાં આ ઉત્સવ ઉજવાય છે, અને તેમની જે દિવ્યધ્વનિ પ્રગટ થયેલી તેને અનુસરીને ભગવાન કુંદકુંદદેવે મહાન વીતરાગી પરમાગમો રચ્યા, અને તેના દ્વારા આ જગતને કલ્યાણ માટે ભગવાનનો સંદેશ આપ્યો; અને તે પરમાગમોનું રહસ્ય ખોલીને પૂ. ગુરુદેવ આજ આપણને સમજાવી રહ્યા છે, તે પરમાગમના બહુમાન માટેનો આ મહોત્સવ છે; તે સર્વે જીવોનું કલ્યાણ કરો.

## પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને

# પધાર્યા વીરપ્રભુ ભગવાન
# વધાવ્યા હોંશે સૌ ગુણવાન

卐

**( ફાગણ સુદ એકમ, શનિવાર, તા. ૨૩-૨-૭૪ )**

અહો, ધર્મવૃદ્ધિકરા વર્દ્ધમાન ભગવાન! પધારો પધારો પધારો. પ્રભો! સમ્યગ્દ્રષ્ટિના જ ચિત્તના વિષયભૂત એવા આપને દેખતાં અપાર હર્ષ થાય છે. આપ અમારી સુવર્ણપુરીમાં પધાર્યા છો–એટલું જ નહિ–અમારા ચિત્તમંદિરમાં પણ આપ પધાર્યા છો. સુવર્ણપુરીનું આજનું પ્રભાત કોઈ અનેરું ભાસે છે. મોહના વાદળાં વીખાઈ ગયા છે ને આનંદમય પ્રકાશ ફેલાઈ રહ્યો છે. અહા, આજે પ્રભુ મહાવીર પધાર્યા છે. સોનગઢમાં દેશભરના ભક્તજનો ભવ્ય સ્વાગત કરી રહ્યા છે, નગરજનો પણ ઉમંગથી સ્વાગતમાં ભાગ લઈ રહ્યા છે.

ખુલ્લી પ્રશાંત મુદ્રામાં ચૈતન્યતેજથી ચમકી રહેલી પ્રતિમા દેખીદેખીને ભક્તજનો આનંદથી ગાય છે કે ‘પ્રભુજી! તારા મુખડા ઉપર જાઉં વારી–વારી રે ’ વાહ! આ પ્રતિમાની મુદ્રા દેખતાં કેવળીપ્રભુની મુદ્રા યાદ આવે છે, એટલે પરમાર્થે પોતાનો સર્વજ્ઞસ્વભાવ યાદ આવે છે! – એ જ મહોત્સવનું મહા મંગળાચરણ છે.

ગુરુદેવ પણ હોંશે હોંશે સ્વાગતમાં પધાર્યા છે, ને પ્રસન્નતાથી કહે છે કે – ‘આજે ભગવાન પધાર્યા; મુદ્રા બહુત અચ્છી હૈ; જાણે સાક્ષાત્ ભગવાન પધાર્યા હોય!’ ધર્મીનો પ્રેમ આવા ભગવાન પ્રત્યે ઝુકે છે.

પૂ. બેનશ્રી–બેન પણ હૃદયના ઉમંગથી મંગલ ભક્તિવડે પ્રભુનું સ્વાગત કરીને વધાવતા હતા. નગરમાં સર્વત્ર આજે આનંદનું વાતાવરણ હતું. જાણે પ્રભુજી ધીમે ધીમે ગગનવિહાર કરીને પરમાગમમંદિરમાં પધારી રહ્યા હોય–એવો મજાનો સ્વાગતનો દેખાવ હતો. શાંતરસથી નીતરી રહેલી પ્રભુજીની ભવ્યમુદ્રા આનંદમય આત્મતત્ત્વનો ઉપદેશ દેતી હતી કે અહો ભવ્ય જીવો! કષાય વગરના આવા આનંદમય ચૈતન્ય તત્ત્વને સાધીને અમે પરમાત્મા થયા, ને તમે પણ આવા વીરમાર્ગમાં આવો....

વાહ પ્રભો! સમ્યદ્રષ્ટિ તો આપને દેખે જ છે, ને મિથ્યાદ્રષ્ટિ–ભવ્ય પણ જ્યાં આપને દેખવા જાય છે ત્યાં તેની અતીન્દ્રિય–આંખ ઊઘડી જાય છે ને મિથ્યાત્વ દૂર થઈ જાય છે. અહો, આવા ભગવાનનું સ્વાગત કરતાં મુમુક્ષુઓને જે આનંદ થાય તેની શી વાત! શું કાગળ અને કલમથી એનું માપ થઈ શકે? .... ના જી.

–'તો એનું માપ કઈ રીતે થાય?' તે વાત ગુરુદેવ આપણને પ્રવચનમાં સમજાવે છે.... કે ઇન્દ્રિયોથી પાર એવા જ્ઞાનસ્વભાવની સન્મુખ થા, તો સર્વજ્ઞની સાચી ઓળખાણ થાય, અને તને સર્વજ્ઞ જેવા આનંદનો સ્વાદ આવે.

## ❁ નિર્વિઘ્ન મંગલ-મહોત્સવ ❁

[ મહા વદ અમાસ: ફાગણ સુદ એકમ ]

ઉત્સવની જોરદાર તૈયારીઓ ચાલતી હતી.... ભગવાનની પ્રતિમા પણ જયપુરથી રવાના થઈને સોનગઢની નજીક આવી રહી હતી.... પણ....

વચ્ચે ઉપદ્રવ આવ્યો.... બે ત્રણ દિવસ તો સહુ ચિંતામાં રહ્યા; સૌના હૃદયમાં ઊંડે ઊંડે પણ વિશ્વાસ હતો કે આવા મંગલ ઉત્સવ પ્રસંગે ધર્મ ઉપરનો ઉપદ્રવ ટકી શકે જ નહિ. બધાયના હૃદય મુંગામુંગા પણ દિનરાત જિનદેવની પ્રાર્થના કરતા હતા.... તેમાંય જ્યારે વીરનાથ ભગવાન સોનગઢની નજીક આવી ગયા.... ત્યારે તો જાણે શાસનનું ધર્મચક્ર જ દોડયું આવતું હોય તેમ વાતાવરણમાં એકાએક પરિવર્તન થવા માંડયું.... વિરોધીઓના હૃદય પલટવા લાગ્યા.... ને મહા વદ અમાસની બપોરે દોઢ વાગ્યે તો બધું વાતાવરણ સાફ થઈ ગયું; ગુરુદેવના પ્રસન્નચિત્તભર્યા ઉદ્‌ગારો સાંભળીને સર્વત્ર હર્ષભર્યા જયજયકાર થવા લાગ્યા. જો આ ઉપદ્રવ સોનગઢના ઈતિહાસમાં અજોડ હતો.... તો એનું નિવારણ થતાં સૌના હૈયામાં જે હર્ષ છવાયો તે પણ અજોડ હતો. ગામના આગેવાનો પણ ઉત્સવ પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરતા હતા.

ફરી ઉત્સવની આનંદભરી તૈયારીઓથી આખું સોનગઢ ગાજવા લાગ્યું.... ફાગણ સુદ એકમે અદ્‌ભુત આનંદભર્યા હર્ષોલ્લાસથી ભગવાન વર્દ્ધમાનદેવનું સ્વાગત કરતાં મુમુક્ષુજનોનાં તો હૈયા ઉલ્લસતા હતા; અને ગામના લોકો પણ હરખનાં હીલોળે ચડયા હતા. અહો પ્રભુ મહાવીર! અતીન્દ્રિય શાંતિના પિંડ એવા આપ જ્યાં પધારો ત્યાં સર્વત્ર શાંતિ પ્રસરે એમાં શું આશ્ચર્ય છે!

આજનું ગુરુદેવનું બપોરનું પ્રવચન પણ શાંત રસભરેલું, વૈરાગ્યભાવથી નીતરતું ને ચૈતન્યપ્રત્યે ઉલ્લાસપ્રેરક હતું, અહો, જ્ઞાનસ્વરૂપે તો બધા આત્મા સમાનધર્મી છે –સાધર્મી છે, તેમાં કોઈ પ્રત્યે વેરવિરોધ ક્યાં રહે છે! અરે, આવા આત્માની આરાધના કરવી એ ધર્મીનું કામ છે. આવી આરાધના તે ધર્મનો મંગલ મહોત્સવ છે, ને તે નિર્વિઘ્ન છે. ચૈતન્યના આરાધકને બહારના કોઈ વિઘ્ન નડતા નથી.

## ❀ મંગલ - આશીર્વાદ ❀

### ( સમયસાર કળશઃ ૨૭૬ )

બપોરે શાંત રસગંભીર પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે ચૈતન્યચમત્કારને જયવંત કહીને તેનું સર્વોત્કૃષ્ટપણું બતાવ્યું તે મંગળ છે. અચલ ચેતનારૂપ થયેલો આત્મા જયવંત હો–એમ કહીને છેલ્લે આશીર્વાદ સહિત આચાર્યદેવ સમયસાર પૂરું કરે છે. આ ‘આત્મખ્યાતિ’ દ્વારા આત્મામાં ચૈતન્યભાવરૂપ જે જ્ઞાનજ્યોતિ પ્રકાશિત થઈ તે સર્વ પ્રકારે સદા જાજવલ્યમાન રહો. –અહો, આવી ચૈતન્યજયોત પ્રગટી તેમાં ઉપદ્રવ કેવો? આનંદમય ચૈતન્યજયોતમાં ધર્મીને કોઈ ઉપદ્રવ નથી. અહો, ચૈતન્ય રત્નનો દીવડો, એને પવનના વાવાઝોડાં ડગાવી શકે નહિ; તેમ જગતમાં સંયોગના વાવાઝોડાં ચૈતન્યના સાધકને ડગાવી શકે નહીં.

અહો, આવો ચૈતન્યઆત્મા એકલા અનુમાનથી કોઈના જાણવામાં આવે –એવો નથી; એ તો અતીન્દ્રિયસ્વસંવેદન–પ્રત્યક્ષ છે. ને આવા આત્માનું સ્વસંવેદન તે આ સમયસારનો સાર છે. અહો, અમૃતચંદ્રઆચાર્ય આવા સ્વસંવેદનરૂપે પરિણમેલા સાધક આત્માને મંગલ આશીર્વાદ આપે છે કે હે આત્મા! હવે તું આવા સ્વસંવેદનના ચૈતન્યપ્રકાશથી નિરંતર સર્વ તરફથી ઝળહળતો રહેજે.... અપ્રતિહતભાવે કેવળજ્ઞાન લેજે.

વાહ રે વાહ! જુઓ આ સમયસારનું ફળ! સમયસારમાં તો વીતરાગીસંતોની વાણી છે; જેના હૃદયમાં એની ચોટ લાગી તે તો ન્યાલ થઈ ગયા.

# ❀ ધર્માત્માનો પ્રેમ ભગવાન પ્રત્યે ઝુકે છે ❀

## ( ફાગણ સુદ એકમે મહાવીરપ્રભુ પધાર્યા પછીનું પ્રવચન )

મહાવીર ભગવાનનું સ્વાગત કરતાં પ્રમોદભાવથી ગુરુદેવ કહે છે કે ભગવાન મહાવીર પરમાત્મા પૂર્ણાનંદને પ્રાપ્ત કરીને મોક્ષ પધાર્યા છે, તેમની અહીં સ્થાપના થવાની છે; તેમના પ્રતિમા આજે અહીં પધાર્યા છે સમ્યગ્દ્રષ્ટિ જ ભાવનિક્ષેપના જ્ઞાનપૂર્વક સ્થાપના કરે છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક ભગવાનને જેણે પોતાના જ્ઞાનમાં સ્થાપ્યા તે જીવ ભગવાનના માર્ગ માં આવ્યો.

નય તે સમ્યગ્જ્ઞાનનો ભેદ છે; ને નયનો વિષય તે નિક્ષેપ છે; તેમાં પ્રતિમાજીમાં ભગવાનની સ્થાપનાનો સાચો નિક્ષેપ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરમાં સુદ્રષ્ટિની લહેરો ઊઠી છે, મિથ્યાત્વનો જેને નાશ થયો છે, અને જેની ભવસ્થિતિ થોડીક જ બાકી છે એવો જીવ 'જિનપ્રતિમા પ્રમાણે જિનસારખી.' અહો, જિનેન્દ્રદેવની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્રદેવસમાન શોભે છે.

'ભગત' એટલે ભગવાનનો ભક્ત, સમ્યગ્દ્રષ્ટિ; તેને પોતાના પૂર્ણ પરમાત્મસ્વરૂપને અનુભવતાં સમ્યગ્દર્શન થયું, તેણે પરમાત્માને સાચા સ્વરૂપે ઓળખ્યા, ને તે જ તેની સાચી સ્થાપના કરી શકે છે. ગુરુદેવ પ્રમોદથી કહે છે કે વાહ! જે મુદ્રા જોતાં કેવળીપ્રભુનું સ્વરૂપ યાદ આવે છે, એટલે પરમાર્થે પોતાનો સર્વજ્ઞસ્વભાવ યાદ આવે છે–એ મહોત્સવનું મંગલાચરણ છે. આવા સર્વજ્ઞસ્વભાવને પ્રતીતમાં લેતાં સમ્યગ્દર્શનરૂપી બીજ ઉગી, તે વધીને હવે કેવળજ્ઞાનરૂપ પૂનમ થશે જ.

સમંતભદ્રમહારાજ કહે છે કે પ્રભો! આપની સર્વજ્ઞતાનું એવું અદ્ભુત બહુમાન આવે છે કે મને તેની ભક્તિનું વ્યસન થઈ ગયું છે.... આપની સર્વજ્ઞતા દેખતાં જ મારી ભક્તિ ઊછળી જાય છે. આપને ઓળખનાર સમ્યગ્દ્રષ્ટિ જ આપની સાચી સ્તુતિ કરે છે.

સભાજનોના અત્યંત હર્ષોલ્લાસ વચ્ચે, જિનમુદ્રાના મહિમાપૂર્વક ગુરુદેવ કહે છેઃ અહો, આજે ભગવાન પધાર્યા; મુદ્રા બહુત અચ્છી હૈ,.... જાણે સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય! ધર્મીનો પ્રેમ આવા વીતરાગ ભગવાન પ્રત્યે ઝુકે છે.

જેમ ભગવાનની પ્રતિમા પૂજ્ય છે, તેમ તે ભગવાનની વાણી પણ પૂજ્ય છે. તે વાણી સર્વજ્ઞતાને અનુસરનારી છે. અહીં પરમાગમમંદિરમાં એવી જિનવાણીની

સ્થાપનાનો આ મહોત્સવ છે. વીતરાગી જિનપ્રતિમાને અને જિનવાણીને દેખતાં ધર્મીજીવને આહ્લાદ થાય છે, ને તેનાં પરિણામ ઉજળા થાય છે.

ભાવપ્રાભૃતની ૯૭ મી ગાથાના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે પરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્મા પોતાના એકત્વમાં શોભે છે. 'આતમરામ અવિનાશી આવ્યો એકલો....' ચિદાનંદી આત્મા શાશ્વત એકલો છે, તે નવે તત્ત્વોમાં શ્રેષ્ઠ છે, ને તે જ આનંદની ઉત્પત્તિનું ધામ છે; તેને હે ભવ્ય ! તું અંતર્મુખ થઈને ભાવ.

આવા આત્માની ભાવના કરનાર જીવ જ્ઞાયકભાવમાં ભડવીર છે, આત્માને સાધવામાં તે 'બહાદુર' છે-શૂરવીર છે, તે વીરના માર્ગે ચાલનારો છે. અહો, મહાભાગ્યે ભગવાનના ઘરની આ વાત અહીં સોનગઢના પાદરમાં આવી છે. આ તો આત્માના અધ્યાત્મધર્મની વાત છે, આવા આત્માને જાણીને તેની ભાવના કરવી તે મંગલ મહોત્સવ છે.

❁ ❁ ❁

( ફા. સુ. ૧ ) પ્રવચન પછી મહાવીરપ્રભુ પરમાગમ-મંદિરમાં પધાર્યા. પગથિયા ઉપર પગ મુક્યા વગર પ્રભુજી પરમાગમ-મંદિરમાં પ્રવેશ્યા તે દ્રશ્ય દેખીને પ્રભુના ગગનવિહારનું દ્રશ્ય યાદ આવતું હતું, ને આનંદ થતો હતો ભક્તમંડળની ભક્તિના ઉલ્લાસથી પરમાગમ-મંદિર ઉભરાઈ રહ્યું હતું. ( સવા પાંચ ફૂટના જિનપ્રતિમા લગભગ ૧૧૨ મણ વજનના હોવાથી વિશેષ હેરફેરની તકલીફ ન પડે તે માટે પરમાગમ-મંદિરમાં જ બિરાજમાન કર્યા હતા, ને તે પ્રતિમા ઉપરની વિધિ ત્યાં જ થઈ હતી. બાકીનાં સમસ્ત વિધિવિધાન પ્રતિષ્ઠા-મંડપમાં થયા હતા. ભવ્ય પ્રતિષ્ઠામંડપ મુખ્ય રસ્તા ઉપર, બોર્ડિંગને અડીને જ આવેલ હતો, એનું નામ હતું વર્દ્ધમાનનગર.


## ❁ ઉત્સવના મંગલ સંભારણાં આનંદથી વાંચો ❁

આ મંગલ-ઉત્સવના આઠ દિવસ દરમિયાન દરરોજની પત્રિકા પ્રગટ થયેલી; તેમાં પૂ. ગુરુદેવના પ્રવચનની પ્રસાદી, તથા ઉત્સવના ઉમંગભર્યા પ્રસંગોનો આંખે દેખ્યો અહેવાલ આપવામાં આવેલ છે. બહારગામ આપના સંબંધીઓને પણ પત્રિકા મોકલવાની વ્યવસ્થા છે. સૌને વાંચતાં આનંદ થાય, ને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિની ઉર્મિ જાગે તેવું લખાણ છે. કેટલાંક સુંદર ચિત્રો પણ છે. પાનાં ૧૦૦ કિંમત સવારૂપિયો. ( પોસ્ટેજ ફ્રી ) સંપાદકઃ આત્મધર્મ, સોનગઢ

# પધાર્યા સીમંધર ભગવાન.... છવાયા હર્ષાનંદ મહાન....

## ( ફાગણ સુદ બીજ : જિનમંદિરની ૩૪ મી વર્ષગાંઠ )

સોનગઢ તો જાણે સીમંધરભગવાનું ધામ !

આ કાળે સીમંધરપરમાત્માની ભરતક્ષેત્રમાં પ્રસિદ્ધિ સોનગઢથી જ થઈ છે.

આવા સોનગઢમાં આવડો મોટો ધર્મોત્સવ થતો હોય ત્યારે સીમંધરપ્રભુજી પધાર્યા વગર કેમ રહે! ઉત્સવ તો ફાગણ સુદ પાંચમે શરૂ થતો હતો, પણ ભક્તોના વહાલા પ્રભુજી તો ત્યારપહેલાં ફાગણ સુદ બીજે જ પધારીને સુવર્ણપુરીમાં બિરાજયા.

સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજે સોનગઢ–જિનમંદિરમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા થઈ.... તેને આ ફાગણ સુદ બીજે ૩૩ વર્ષ પુરા થઈને ૩૪ મું વર્ષ બેઠું છે. અહા, પ્રભુજી પધાર્યા પછી કેવી અદ્‌ભુત ધર્મપ્રભાવના થઈ રહી છે! વિદેહીનાથની વાણી સોનગઢના સંતોના જીવનમાં ગુંથાયેલી છે.... તેનાં પ્રતાપે આજે ભરતક્ષેત્રમાં આનંદમંગળ વર્તી રહ્યા છે, ને અનેક જીવો ધર્મ પામી રહ્યા છે.

- **ભુતકાળના તીર્થંકર મહાવીર ભગવાન,**
- **વર્તમાન તીર્થંકર સીમંધર ભગવાન,**
- **ને ‘સૂર્ય’ જેવા તેજસ્વી ભાવી તીર્થંકર ભગવાન.**

અહો, ત્રિકાળવર્તી તીર્થંકરોનો મંગળ મેળો.... આજે આપણે નજરે જોઈ રહ્યા છીએ.... ને તેમની મંગળ છાયામાં કલ્યાણ કરી રહ્યા છીએ.

( ફા. સુ. ૨ ) પ્રવચનમાં મોક્ષપ્રાભૃતની ગાથા વાંચતાં ગુરુદેવે જિનમાર્ગના મહા પ્રમોદથી કહ્યું કે અહો! ભગવાનના શાસનમાં સ્વદ્રવ્યના આશ્રયે મોક્ષ કહ્યો છે ને પરદ્રવ્યના આશ્રયે બંધન કહ્યું છે. માટે પરદ્રવ્યથી ને રાગાદિથી વિરક્ત થઈને ચૈતન્યમય સ્વદ્રવ્યમાં રત થવું તે જિનાગમનો સાર છે.

**સ્વદ્રવ્યરત મુકાય ને પરદ્રવ્યરત બંધાય છે,**
**આ જિનતણા ઉપદેશમાં બંધ-મોક્ષનો સંક્ષેપ છે. ( ૧૩ )**

ભગવાનના ઉપદેશનો આવો સંદેશ, શ્રી કુંદકુંદાચાર્યદેવ વિદેહમાં જઈને લાવ્યા છે, ને તે જ ઉપદેશ આ પરમાગમોમાં ભર્યો છે. તેના બહુમાનનો આ ઉત્સવ છે.

પ્રવચન પછી ભગવાન સીમંધરનાથના અને મહાવીરપ્રભુના મંગલ વિહાર જેવી ભવ્ય રથયાત્રા નીકળી હતી; પાંચ હાથી ઉપર પાંચ પરમાગમ, તેમજ અજમેરનો રથ –હાથી, સોનગઢનો રથ, વગેરેથી શોભતી આવી રથયાત્રા આ પહેલી જ હતી. સર્વત્ર જિનેન્દ્રશાસનના જયજયકાર દેખીને આનંદ થતો હતો.

ફાગણ સુદ પાંચમથી પ્રવચનમાં સવારે સંવર અધિકારનો મંગલ પ્રારંભ થયો . તેનો મંગળ શ્લોક ( ૧૨૫ ) બરાબર સવાસો નંબરનો સવાયું કામ સૂચવે છે, – તેમાં ભેદજ્ઞાનના મહિમાથી આચાર્યદેવ કહે છે કે–

અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત–ગર્વિત થયો છે એવો જે આસ્રવ, તેનો તિરસ્કાર કરવાથી જેણે સદા વિજય મેળવ્યો છે–એવા સંવરને ઉત્પન્ન કરતી, પરરૂપથી જુદી ( –પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી ) પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચલપણે પ્રકાશતી, ચિન્મય, ઉજ્જવળ, અને નિજરસ ( ચૈતન્યરસ ) ના ભારવાળી–અતિશયતાવાળી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે. –તે મંગળ છે.

બપોરે પદ્મનંદીમુનિરાજ રચિત ઋષભજિનસ્તોત્ર વંચાતું હતું. –તેના શરૂઆતના પાંચ શ્લોક–

जय ऋषभ नाभिनन्दन त्रिभुवननिलय अेक दीप तीर्थंकर।
जय सकल जीववत्सल निर्मलगुण - रत्ननिधे नाथ।।१।।

( ૧ ) શ્રીમાન નાભિરાજાના નન્દન, તથા ત્રિભુવનરૂપી ઘરના એક દીપક, અને ધર્મતીર્થની પ્રવૃત્તિ કરનારા એવા હે ઋષભદેવ તીર્થંકર ! આપ આ લોકમાં જયવંત રહો. વળી સમસ્ત જીવો ઉપર વાત્સલ્ય ધારણ કરનારા અને નિર્મળગુણરત્નોના નિધાન એવા હે નાથ ! આપ આ લોકમાં સદાય જયવંત રહો.

( ૨ ) સમસ્ત સુર–અસુરના ચિત્ર–વિચિત્ર મણિઓથી સહિત મુગટનાં કિરણો વડે જેમનું સિંહાસન ચિત્ર–વિચિત્ર છે એવા હે જિનનાથ ! જે મનુષ્ય આપને દેખે છે, આપની સ્તુતિ કરે છે તથા આપના જપ અને ધ્યાન કરે છે તે મનુષ્ય ધન્ય છે.

(૩) હે જિનેન્દ્ર, હે ભગવાન! અમે આપને ચર્મચક્ષુથી પણ દેખીએ તોપણ અમને એવો ભારે હર્ષ થાય છે કે તે હર્ષ ત્રણલોકમાં સમાતો નથી; તો પછી જો અમે જ્ઞાનરૂપી નેત્રથી આપને દેખીએ તો અમને કેટલો આનંદ થાય! તે અમે જાણી શકતા નથી.

(૪) હે જિનેન્દ્ર! જેણે સમસ્ત વસ્તુઓના વિસ્તારને વિષય કરી લીધો છે, એવા અનંત જ્ઞાનસ્વરૂપ આપની જે પુરુષ સ્તુતિ કરે છે તે, કુવાનું દેડકું સમુદ્રના વિસ્તારનું વર્ણન કરે–તેના જેવું છે.

(૫) હે જિનેશ, હે પ્રભો! આપના નામના કીર્તનમાત્રથી પણ અમારા જેવા મનુષ્યોની પાસે આજ્ઞાંકિત મનોવાંછિત લક્ષ્મી ચાલી આવે છે.

ૠષભદેવ ભગવાન 'સર્વાર્થસિદ્ધિ' માંથી આ પૃથ્વી પર આવતાં, સર્વાર્થસિદ્ધિ–વિમાનની શોભા ઘટી ગઈ ને આ ભરતક્ષેત્રની શોભા વધી ગઈ. આચાર્યદેવ અલંકારથી એમ કહે છે કે હે નાથ! આપની ચૈતન્યશોભા પાસે સર્વાર્થસિદ્ધિ વિમાન પણ અમને ઝાંખું લાગે છે. સર્વાર્થસિદ્ધિની શોભા આપને લીધે હતી. આપના વગરનું સર્વાર્થસિદ્ધિ વિમાન શોભતું નથી. આમ કહીને પુણ્યના ફળ કરતાં ચૈતન્યનો મહિમા બતાવ્યો છે.

દેવ–શાસ્ત્ર–ગુરુના ઉત્સવનો મંગલપ્રારંભ ફાગણ સુદ પાંચમથી થયો. વહેલી સવારમાં પ્રતિષ્ઠામંડપમાં સીમંધરપ્રભુ તથા મહાવીરપ્રભુજી પધાર્યા. ભગવાનના માર્ગની વીતરાગી શાંતિનો સંદેશ આપતો જૈનધર્મધ્વજ ગગનમાં લહેરી ઉઠયો.... હજારો ભક્તજનો પ્રભુનો મંગલ ઉત્સવ ઉજવવા આવી પહોંચ્યા ને જિનવાણીના શ્રવણ પછી પંચપરમેષ્ઠી ભગવંતોનું પૂજન થયું.

જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધ ભાવથી;
તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.

**શ્રી પરમાગમ મંદિરમાં બિરાજમાન મહાવીર ભગવાનની ભવ્યપ્રતિમાનું દર્શન સાધકના અંતરમાં અનેરી આહ્‌લાદ-ઉર્મિઓ જગાડે છે.**

# શ્રીમંડપમાં ભગવંતોની પધરામણી અને ધર્મધ્વજનું આરોહણ

ફાગણ સુદ પાંચમનું આનંદમય પ્રભાત ઊગ્યું; ચારેકોર જૈનધર્મનો પ્રકાશ ખીલી રહ્યો; મંગલ શરણાઈઓ, મધુર વાજાંઓ ને જોરદાર નોબતો વાગી રહી; જિનેન્દ્ર ભગવંતો આજે પ્રતિષ્ઠા–મંડપમાં પધારી રહ્યા છે. ઠેર ઠેર હજારો સાધર્મીજનો દેવગુરુના ગુણગાન વડે ધર્મનું મધુર વાતાવરણ ફેલાવી રહ્યા છે. અહા, ઝેર જેવા સંસારસમુદ્ર વચ્ચે જૈનધર્મની આ મીઠી અમૃત–વીરડી દેખીને હૃદય આનંદની લાગણીઓ અનુભવે છે. ગુરુદેવનો આ મહાન ઉપકાર છે કે જેમણે આપણને જિનેન્દ્ર ભગવંતોનો માર્ગ આપ્યો છે. જયવંત વર્તો આ માર્ગ.... ને આ માર્ગના પ્રણેતા તીર્થંકરો ! આવો સુંદરમાર્ગ પામીને આત્મહિત સાધવાનો આ મંગલ–ઉત્સવ છે.

સવારના સવા છ વાગ્યા છે; ચારેકોર સીમંધરભગવાન અને મહાવીરભગવાનના જય–જયકારપૂર્વક ભગવંતોનું જુલૂસ જિનમંદિરેથી પ્રતિષ્ઠા–મંડપમાં જઈ રહ્યું છે; શરૂઆતમાં પંચપરમેષ્ઠીના માર્ગસૂચક પચરંગી ધર્મધ્વજ લહેરાઈ રહ્યો છે, પાંચ હાથી ઉપર પાંચ પરમાગમ બિરાજી રહ્યા છે, અજમેરના રથમાં મહાવીરભગવાન અને સોનગઢના રથમાં સીમંધરભગવાન શોભી રહ્યા છે. પ્રભુજી પ્રતિષ્ઠામંડપમાં પધાર્યા. દેશભરમાંથી ઉમટી રહેલા સાતેક હજાર ભક્તજનો પ્રભુજીના માંડવે આવીને પોતાને ધન્ય માનવા લાગ્યા, ને કહાનગુરુના મંગલ હસ્તે ધર્મધ્વજ આકાશમાં લહેરાઈ ઉઠયો. પ્રભુ પધાર્યા ને મંડપની શોભા વધી ગઈ. (ધર્મધ્વજ ફરકાવવાનો લાભ હિંમતનગરનાં ભાઈ શ્રી તારાચંદ પોપટલાલ કોટડિયાએ લીધો હતો. તથા પ્રભુજીને મંડપમાં પધરાવવાનો લાભ તલોદના ભાઈ શ્રી ચંદુલાલ કાળીદાસે લીધો હતો.)

મંડપની ભવ્ય સુસજ્જિત વેદીમાં બિરાજમાન સીમંધર ભગવાન અને વર્દ્ધમાન ભગવાન વગેરે ભગવંતોના દર્શન–પૂજન કરીને સૌ પ્રભુના મંડપમાં જિનવાણી સાંભળવા બેઠા. અધ્યાત્મનું ગંભીર વાતાવરણ ચૈતન્યની વિચરાગી શાંતિને બોલાવી રહ્યું હતું. શાંતરસથી ભરેલી મધુર વાણી શ્રી ગુરુમુખથી વહેવા લાગી. આપ પણ એનો નમુનો ચાખો.

# ❀ મોક્ષના કારણરૂપ ભેદવિજ્ઞાનને અભિનંદન ❀

## ❀ ભેદજ્ઞાન મંગળરૂપ છે. ❀

ચૈતન્યના કોઈ અદ્ભુત ઉલ્લાસપૂર્વક પ્રવચન શરૂ કરતાં ગંભીરધ્વનિથી ગુરુદેવે કહ્યું:– આજે મંગલ મહોત્સવ શરૂ થાય છે. ભગવાન સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે; ત્યાં કુંદકુંદાચાર્યદેવ પધાર્યા હતાં. તેમને શુદ્ધાત્માના આનંદનું પ્રચુર સ્વસંવેદન હતું. આનંદનું વેદન તો સમ્યગ્દ્રષ્ટિનેય હોય છે, પણ મુનિવરોને તો આત્મામાં લીનતાપૂર્વક ઘણું સ્વસંવેદન હોય છે. આવા આચાર્યભગવાને સમયસાર વગેરે પરમાગમો રચીને જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે, તેમાંથી મહામંગળરૂપ સમયસારનો સંવર અધિકાર વંચાય છે. રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કેમ કરવો તે આચાર્યદેવ બતાવે છે:–

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।

ઉપયોગસ્વરૂપ આત્મા ક્રોધાદિ પરભાવોથી તદ્દન જુદો છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, ક્રોધાદિભાવો દુઃખરૂપ છે;–આમ બંનેની અત્યંત ભિન્નતા જાણીને શુદ્ધાત્માનો અનુભવ કર્યો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું. આવા આત્માને જાણીને ભેદજ્ઞાન કરવું તે પરમાગમનો સાર છે, તે મંગળરૂપ છે. આચાર્યદેવ કહે છે કે અહો ! સર્વકર્મના ક્ષયના ઉપાયભૂત આ ભેદવિજ્ઞાન અભિનંદનીય છે.

જુઓ, માંગળિકમાં ભેદજ્ઞાનની અપૂર્વ વાત આવી છે. ઉપયોગસ્વરૂપ આત્માને પોતાના શુદ્ધ ઉપયોગ સાથે તન્મયપણું છે, પણ ક્રોધાદિ સાથે તન્મયપણું નથી. જેમ જડ અને ચેતનનું સ્વરૂપ અત્યંત ભિન્ન છે, તેમ ક્રોધાદિ અને ચૈતન્યનું સ્વરૂપ પણ અત્યંત ભિન્ન છે.

હિંદી–ગુજરાતી–મરાઠી વગેરે અનેક ભાષા–ભાષી હજારો શ્રોતાજનોથી ભરચક સભા અનેક ત્યાગીઓ, વિદ્વાનો ને નેતાગણોથી શોભી રહી છે, ચૈતન્યના શાંતરસનું પાન કરવા સૌ આતુર છે... ગુરુદેવ ચૈતન્યરસ પીવડાવતાં કહે છે કેઃ વિદેહીનાથ સીમંધર ભગવાન, તથા ભરતક્ષેત્રના મહાવીરભગવાન, તે સર્વજ્ઞ પરમાત્માએ દિવ્યધ્વનિમાં જે કહ્યું તે જ સંદેશ કુંદકુંદાચાર્યદેવ જગતને સંભળાવી રહ્યા છે. (અને આપણે પણ

શ્રી ગુરુ મુખેથી એ સંદેશ સાંભળીને ચૈતન્યરસનું પાન કરીએ છીએ.) અહો, સંતોએ મારગડા સહેલા કરી દીધા છે.

ગુરુદેવ પ્રવચનમાં સમયસારની સાથે ઘડીકમાં પ્રવચનસાર, ઘડીકમાં નિયમસાર, પંચાસ્તિકાય વગેરે વિવિધ પરમાગમોનો આધાર આપે છે; ને કુંદકુંદપ્રભુની સાથે સાથે સમંતભદ્રસ્વામી, ધરસેનસ્વામી, પૂજ્યપાદસ્વામી, અમૃતચંદ્રસ્વામી વગેરે દિગંબર મુનિભગવંતોને પણ પદેપદે પરમ ભક્તિથી યાદ કરતા જાય છે. અહો, આ તો આત્મરંજનની રીત છે; આત્મા કેમ રાજી થાય ને આત્મા કેમ આનંદિત થાય–એવો માર્ગ દિગંબર સંતોએ પ્રસિદ્ધ કર્યો છે. ભગવાન! શાંત થઈને તું સમજ!

---

**સીમંધરનાથ અમ મંદિરે બિરાજિયા, દિવ્યધ્વનિના નાદ કુંદકુંદ લાવિયા;**
**એના રહસ્ય કહાનગુરુએ ખોલિયા, ચૈતન્યરસના સ્વાદ ચખાડીયા.**
**આગમના મંદિરિયે વીરનાથ પધારિયા, સૌ ભક્તજનોએ હરખે વધાવિયા;**
**કુંદકુંદદેવ જિનવૈભવ લાવિયા, પદ્મ-અમૃતદેવે અમૃત પીવડાવિયા.**

---

## શ્રી જિનેન્દ્ર–ભગવાનની સ્તુતિ

(પદ્મનન્દીપચ્ચીસીમાંથી શ્રી ઋષભજિનસ્તોત્ર ઉપર પ્રવચનઃ ફાગણ સુદ ૬)

ભગવાનની સ્તુતિ કરતાં સૌથી પહેલાં પદ્મનન્દીસ્વામી કહે છે કે જય ઋષભનાભિનન્દન....નાભિરાજાના નંદન ભગવાન ઋષભદેવનો જય હો. અથવા ધર્મથી જે શોભે છે એવા (વૃષ–ભ) તીર્થંકર ભગવંતોનો જય હો.

આવા જયકારપૂર્વક ભગવાનની સ્તુતિનો પ્રારંભ કરે છે. અહો, સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનની પ્રતીત જેને અંતરના અનુભવથી આવી, તેને જ્ઞાનની બીજ ઊગી.

પ્રવચનસાર ગાથા ૮૦ માં આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે કે, અરિહંત ભગવાનના આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયને જે ઓળખે છે તે જીવ આત્માના શુદ્ધસ્વરૂપને ઓળખે છે, ને તેનો દર્શનમોહ નાશ થઈને તે જરૂર સમ્યગ્દર્શન પામે છે. ને પછી શુદ્ધોપયોગવડે રાગાદિને પણ હણીને કેવળજ્ઞાની થાય છે. અનંત તીર્થંકરો આવા ઉપાયથી કેવળજ્ઞાન પામીને મુક્ત થયા, ને જગતના જીવોને પણ મોહક્ષય માટે તે જ ઉપાય ઉપદેશ્યો. અહો! આવા તીર્થંકર ભગવંતોને અને તેમના માર્ગને નમસ્કાર હો.

દિવ્યધ્વનિમાં તીર્થંકર ભગવંતોએ, એમ ફરમાવ્યું છે કે હે જીવ! અમારા શુદ્ધ ચૈતન્યરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયની સાથે તું તારા આત્માની મેળવણી કરીશ તો તને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જરૂર હોગી... હોગી ને હોગી!

સમંતભદ્રસ્વામી પણ સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે અહો પ્રભો! અમને આપની સ્તુતિની ટેવ પડી ગઈ છે (વ્યસન થઈ ગયું છે), એટલે સર્વજ્ઞતા દેખતાં જ તેનાં પ્રત્યે બહુમાનનો ભાવ ઉલ્લસી જાય છે.

જુઓ, ધર્મી જીવને અંતરમાં આત્માના અનુભવથી રાગ વગરની શાંતિનું વેદન વર્તે છે, ને વચ્ચે શુભરાગ આવે છે તે રાગમાં આકુળતાનું વેદન પણ છે; તે રાગને દુઃખરૂપ જાણે છે. શુભરાગ તે પણ કાંઈ શાંતિની જાત નથી, પણ ધર્મીને રાગનું વેદન હોય જ નહિ એવું નથી.

અહો, આ તો સર્વજ્ઞપરમાત્માને ઓળખીને તેમના ગુણના બહુમાનરૂપ ભક્તિની વાત છે. નિશ્ચય–વ્યવહારની સંધિ સહિતની આવી અપૂર્વ ભક્તિ ધર્માત્માને જ હોય છે. ધર્માત્મા જ સર્વજ્ઞપરમાત્માને સાચા સ્વરૂપે ઓળખે છે.

સમ્યગ્દ્રષ્ટિ અંતરની અભેદ અનુભૂતિમાં એમ અનુભવે છે કે જ્ઞેય–જ્ઞાતાસ્વરૂપ હું એક છું. અહા! જેની આંખ ખુલ્લી છે તેને તો પરમાત્મા અંદર હાજરાહજૂર ખડા છે.

સર્વજ્ઞભગવાન પોતાના વીતરાગરસમાં લીન છે; ત્યાં ભક્ત કહે છે કે હે પ્રભો! આપ સર્વે જીવો પ્રત્યે વાત્સલ્યવંત છો. કોઈ પ્રત્યે આપને રાગ–દ્વેષનો ભાવ નથી. આવું જે રાગ–દ્વેષ વગરનું વીતરાગપણું તે જ જગતપ્રત્યેનું પરમાર્થ વાત્સલ્ય છે. હે ભગવાન! અમારા અનંત ગુણ–રત્નોને પ્રગટ કરવા માટે આપ ખજાના છો. ચૈતન્યના અદ્‌ભુત ખજાના આપે અમને બતાવ્યા છે.

(અહા, ઋષભ તીર્થંકર થયા તેને તો અસંખ્ય વર્ષ વીતી ગયા; પણ અત્યારે તેઓ નજર સામે હાજરાહજુર બિરાજમાન હોય–એવા ભાવથી શ્રી કાનજીસ્વામી તેમની પરમ ભક્તિ વર્ણવી રહ્યા છે, ને દશેક હજાર જેટલા શ્રોતાજનો મંત્રમુગ્ધ બનીને ભક્તિરસમાં ઝૂલી રહ્યા છે. ખરેખર, જિનેન્દ્રભક્તિનો ને આત્મકલ્યાણનો આ કોઈ અનેરો સોનેરી અવસર આવ્યો છે.)

ઉપયોગસ્વરૂપ, સર્વજ્ઞસ્વભાવી આત્મા, અને તેની પૂર્ણતાને પામેલા સર્વજ્ઞદેવ, તેનું સ્વરૂપ ધર્મી જીવ ઓળખે છે. ઇન્દ્રિયજ્ઞાનથી કે રાગથી તે ઓળખાય તેવો નથી. પ્રવચનસારમાં અલિંગ ગ્રહણના ૨૦ બોલમાં તેનું અદ્‌ભુત વર્ણન છે.

## ❁ ઋષભજિન-સ્તોત્રની ગાથાઓના અર્થ ❁

(૬) હે સર્વજ્ઞ, હે જિનેશ! જ્યારે આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં હતા ત્યારે તે વિમાનની જેવી શોભા હતી, તે શોભા આપ આ પૃથ્વીતલ પર પધારતાં આપનાં વિયોગથી ઉત્પન્ન થયેલ દુઃખને લીધે નષ્ટ થઈ ગઈ, એમ હું શંકા (અનુમાન) કરું છું.

(૭) હે જિનેશ્વર! આપ જ્યારે આ પૃથ્વીતલ ઉપર અવતર્યા ત્યારે નાભિરાજાના ઘરમાં ઘણા કાળ સુધી આકાશમાંથી વસુની ધારા અર્થાત્ ધનની વર્ષા થઈ, તેને લીધે આ પૃથ્વી 'વસુમતી' થઈ.

(૮) હે પ્રભો, હે જિનેન્દ્ર! આપ મરૂદેવી માતાના ગર્ભમાં સ્થિત થયા તેથી તે મરૂદેવી માતાના ચરણ ઇન્દ્રાણી અને દેવો દ્વારા નમસ્કૃત થયા, અને જેટલી પુત્રવતી સ્ત્રીઓ હતી તે બધાયમાં મરૂદેવીનું જ પદ સૌથી પ્રથમ થયું. (હે વીરનાથ! આપ ત્રિશલામાતાના ગર્ભમાં પધાર્યા, તેથી ત્રિશલામાતા પણ જગતમાં પૂજ્ય બન્યા.)

(૯) હે જિનેન્દ્ર, હે પ્રભો! જે વખતે આપને લઈને ઇન્દ્ર મેરુપર્વત તરફ ચાલ્યા અને આપને ગોદમાં બેઠેલા તેણે દેખ્યા, તે વખતે તેનાં નેત્રોનું અનિમેષપણું (ટમકારરહિતપણું) તેમ જ અનેકપણું સફળ થયું. (હે ચૈતન્યદેવ! બહારનાં હજાર નેત્રોવડે પણ તારું રૂપ દેખી શકાતું નથી; તારું રૂપ તો ચૈતન્યના અતીન્દ્રિયચક્ષુવડે જ દેખી શકાય છે;–આવું અદ્ભુત તારું રૂપ ધર્મી જીવો જ દેખે છે.)

(૧૦) હે પ્રભો, હે જિનેન્દ્ર! મેરુપર્વત ઉપર જ્યારે આપનો જન્માભિષેક થયો ત્યારે તે અભિષેકના જળના સંબંધથી મેરુને તીર્થપણું પ્રાપ્ત થયું, અને તેથી જ સૂર્ય–ચન્દ્ર વગેરે સદાય તે મેરુપર્વતની પ્રદક્ષિણા કર્યા કરે છે. (પ્રભુ! હાલતાં–ચાલતાં અમે તો સર્વત્ર આપનો જ મહિમા દેખીએ છીએ.... હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે....)

સોનગઢ–દિગંબર જૈન પરમાગમ–મંદિરમાં મહાવીરપ્રભુની, કુંદકુંદસ્વામીના ચરણની અને પંચ–પરમાગમ ભગવંતોની સ્થાપનાના ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવના પ્રારંભમાં, ફાગણ સુદ પાંચમે આનંદસૂચક એવું 'નાંદી–વિધાન' થયું હતું; 'મંગલ–કુંભ' ભગવાનના માતા–પિતાને ત્યાંથી વાજતે ગાજતે લાવીને, પ્રતિષ્ઠા–મંડપમાં સ્થાપન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌધર્મ વગેરે ૧૬ ઇન્દ્રો, કુબેર તથા માતા–પિતાની સ્થાપના થઈ હતી. આ સ્થાપનાનો લાભ નીચેના મુમુક્ષુઓને મળ્યો હતો–

- પિતા–માતાઃ ભાઈશ્રી લાલચંદભાઈ તથા નવલબેન... રાજકોટ
- ઈંદ્રસભામાં મહાવીરના જીવ ઈંદ્ર તરીકેઃ જતીશભાઈ ... સનાવદ

(૧) સૌધર્મ ઇન્દ્રઃ શેઠ પૂરણચંદજી ગોદીકા ... ... જયપુર
(૨) ઈશાન ઇન્દ્રઃ શેઠ મનહરલાલ ધીરજલાલ ... સુરત
(૩) ત્રીજા ઇન્દ્રઃ મીઠાલાલ મગનલાલ દોશી ... હિંમતનગર
(૪) શાંતિલાલ ચીમનલાલ વેલચંદ ઝવેરી ... ... પાલનપુર
(૫) માણેકચંદજી હીરાલાલજી પાટોદી ... ... લોહારદા
(૬) હીરાલાલજી કાલા ... ... ... ... ભાવનગર
(૭) જવાહરલાલજી મુન્નાલાલજી ... ... ... વિદિશા
(૮) ગાંધી મીઠાલાલ મગનલાલ ... ... ... પ્રાંતિજ
(૯) માણેકલાલજી કાલા કુચામન ... ... ... ભાવનગર
(૧૦) શકરાલાલ જગજીવનદાસ ગાંધી ... ... સોનાસન
(૧૧) નૌતમલાલ હરિલાલ દોશી ... ... ... મુંબઈ
(૧૨) કાંતિલાલ મફતલાલ ગાંધી ... ... ... તલોદ સ્ટેશન
(૧૩) શેઠ લક્ષ્મીચંદ કેશવજી ... ... ... ... નાઈરોબી
(૧૪) શેઠ લક્ષ્મીચંદ ભગવાનદાસ ... ... ... મુમ્બાસા
(૧૫) શેઠ ઝવેરચંદ પૂનમચંદ ... ... ... ... નાઈરોબી
(૧૬) શેઠ રાયચંદ ડી. શાહ ... ... ... ... નાઈરોબી
(૧૭) કુબેરઃ શેઠ ધીરજલાલ ફૂલચંદ તંબોળી ... ... જામનગર

અહા, તીર્થંકરના મંગળ કલ્યાણકનો આવો ધન્ય અવસર પ્રાપ્ત થવાથી માતા–પિતા તથા સર્વે ઇન્દ્ર–ઇન્દ્રાણીઓના ચિત્તમાં પ્રસન્નતા હતી. પ્રતિષ્ઠાચાર્ય સાગરના પં. શ્રી મુન્નાલાલજી સમગોરયા હતા. તેઓ પણ આવી મહાન ધર્મપ્રભાવના દેખીને ઉત્સાહથી બધી વિધિ કરાવતા હતા; ને ગુરુદેવની પ્રસન્નતા તો મુમુક્ષુઓને અનેરો ઉલ્લાસ પૂરતી હતી. આચાર્ય–અનુજ્ઞા પછી ગુરુદેવે ઉત્સવની સફળતાના મંગળ આશીષ આપ્યા. બસ, ઇન્દ્રો આવી ગયા ને મંગળ ઉત્સવ શરૂ થઈ ગયો, ઉત્સવના પ્રારંભમાં ઇન્દ્રોએ પહેલું કામ જિનવાણી સાંભળવાનું કર્યું.

## ઇન્દ્રોએ જિનવાણીમાં જે સાંભળ્યું તે આપણે શ્રીગુરુમુખેથી સાંભળીએ-

### ( પ્રવચન: સમયસાર સંવર - અધિકાર )

ઉપયોગસ્વરૂપ આત્મા છે, તે ઉપયોગમાં જ છે, તે ક્રોધાદિમાં નથી. ઉપયોગને અને ક્રોધાદિને અત્યંત ભિન્નતા છે. આવી ભિન્નતાનું ભાન કરવું તે સંવર–ધર્મની રીત છે.

ઉત્સવ વખતે પ્રવચનમાં સંવર–અધિકાર વંચાયો; જોગાનુજોગ, પરમાગમમંદિરમાં સ્થાપિત થયેલા કુંદકુંદાચાર્યદેવના ભવ્ય ચિત્રમાં આરસમાં તેઓશ્રી સમયસાર લખી રહ્યા છે તેનું જે દ્રશ્ય છે તેમાં પણ તેઓશ્રી 'સંવર–અધિકાર' જ લખી રહ્યા છે... જાણે અત્યારે તેઓશ્રી સંવર–અધિકાર સંભળાવીને ઉત્સવમાં આવેલ ભવ્યજીવોને ભેદવિજ્ઞાન કરાવી રહ્યા હોય! એવો ભાવ તે ચિત્રપટમાંથી નીતરી રહ્યો છે. તેના ભાવો ખોલતાં ગુરુકહાન કહે છે કે –

પ્રભો! તારો આત્મા કેવો છે? તેની આ વાત છે. તારી ચૈતન્યસત્તા પરથી તો જુદી છે, ને તારી ચૈતન્યસત્તા ક્રોધાદિ થી પણ જુદી છે. જો ચૈતન્યસત્તા રાગથી જુદી ન હોય ને બંને એક હોય તો આત્માને રાગથી ભિન્ન અનુભવી શકાય જ નહિ. પણ રાગની સત્તાથી જુદી ચૈતન્યસત્તારૂપે આત્મા અનુભવમાં તો આવે છે. આ રીતે બંનેની સત્તા ભિન્ન છે.

અહો, તારી આવી ચૈતન્યસત્તાને જાણતાં તને મહાન આનંદ થશે. માટે તેનો પ્રેમ કર, આચાર્યદેવ કહે છે કે –

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

હે જીવ! તું જ્ઞાનસ્વરૂપ આત્મા.... તારી જ્ઞાનદશામાં તન્મય છો, રાગમાં તું તન્મય નથી. રાગને અને જ્ઞાનને એકસત્તાની સિદ્ધિ નથી. કુંદકુંદાચાર્ય મહારાજ ફરમાવે છે કે અરે જીવ! આવું ભેદજ્ઞાન કરીને એકવાર ચૈતન્યનો સ્વાદ લે. ચૈતન્યસ્વભાવમાં ઉપયોગના ઝુકાવથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પછી સાથે જે રાગ હોય તે જ્ઞાનમાં જણાય છે, પણ જ્ઞાન સાથે તેની તન્મયતા નથી. અરે, કેવળજ્ઞાન લેવાની તાકાત જેનામાં છે, અખંડ પ્રતાપથી શોભતી જેની પ્રભુશક્તિ છે, તેને રાગથી ભિન્નતાનું ભેદજ્ઞાન કરવાનું કઠણ પડે – એ વાત કેમ શોભે? ચૈતન્યની શૂર–

વીરતાના એક ટંકારે સમ્યગ્દર્શન થાય છે–એવી તાકાત છે, તેને સંભાળ! પ્રભો! તારી ચૈતન્યવસ્તુને અત્યારે નહિ સમજ તો ક્યારે સમજીશ!

દશ હજાર માણસોની સભા સ્થિરચિત્તે ચૈતન્યની સમજણની વાત રસપૂર્વક સાંભળી રહી છે. એ દ્રશ્ય જોતાં એમ થાય છે કે વાહ! મારા આટલા બધા સાધર્મીજનોને ચૈતન્યનો કેવો રસ છે! વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ હજારો માઈલ દૂરથી આ ચૈતન્યરસ પીવા તેઓ અહીં આવ્યા છે. નાના ગામડામાં સવગડ–અગવડના વિચારને એકકોર મુકીને જૈનશાસનના મહોત્સવને શોભાવવા અને આત્માના શાંત રસનું પાન કરવા આ સાધર્મીજનોનો મેળો ભરાયો છે... અત્યારના કાળમાં જિનભક્તોનું આવું દ્રશ્ય જોવા મળવું તે લહાવો છે... ખરેખર! જૈનધર્મપ્રભાવ દેખીને ધર્મી જીવોનું હૈયું હર્ષથી નાચી ઊઠે છે.

ગુરુદેવ ચૈતન્યના અત્યંત પ્રમોદપૂર્વક શ્રોતાજનોને વારંવાર ‘ભગવાન.... ભગવાન’ કહીને બોલાવે છે. ભગવાન! તું તો તારી ચૈતન્યસત્તામાં છો; તારી ચૈતન્ય–સત્તાનું એકત્વ–વિભક્ત સ્વરૂપ આ સમયસારમાં અમે નિજવૈભવથી દેખાડીએ છીએ, તે તું અંદરના તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. જુઓ ભાઈ, ઉત્સવમાં પણ ખરૂં કરવાનું તો આ જ છે. રાગના સ્થાને રાગ હો, પણ આ સમ્યગ્દર્શન અને ભેદવિજ્ઞાન કર્યાં વગર મોક્ષનો માર્ગ હાથમાં આવે તેમ નથી. સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનવડે મોક્ષમાર્ગ પ્રગટે છે, તે જ મોટો મંગલ મહોત્સવ છે.

મહોત્સવના મંગલ–વિધાનમાં પંચપરમેષ્ઠી ભગવંતોને બોલાવીને તેમનું ભાવભીનું પૂજન થયું. આ પૂજનમાં પંચપરમેષ્ઠીનાં ગુણો ( ૪૬+૮+૩૬+૨૫+૨૮ કુલ ૧૪૩ ગુણો ) પ્રત્યે બહુમાનથી અર્ઘ ચડાવવામાં આવે છે.

**પ્રભુ વીરનાં જ્યાં વહેણ છે, કુંદકુંદપ્રભુનાં કહેણ છે,**
**મીઠાં અમૃત વેણ છે, શ્રી જિનાગમ જયવંત છે.**
**વિદેહીનાથની વાણી છે, એમાં ચૈતનરસની લાણી છે,**
**શ્રી કહાનગુરુએ જાણી છે, સૌ ભવ્યોને તે વ્હાલી છે.**

卐 卐 卐

## ❀ મંગલ મહોત્સવનાં મીઠાં સંભારણાં ❀

સોનગઢમાં ફાગણ સુદ પાંચમથી તેરસ સુધી ઉજવાયેલ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું આનંદકારી વર્ણન આપ વાંચી રહ્યા છો. ફાગણ સુદ પાંચમે બપોરના પ્રવચન પછી પંચપરમેષ્ઠી–મંગલવિધાન પૂરું થયું. હવે પ્રભુના કલ્યાણક જોવા હજારો ભક્તજનો આતુર બન્યા. ઉત્સવના શરૂઆતના જ દિવસે દેશભરમાંથી તેરહજાર જેટલા ભક્તજનો આવી પહોંચ્યા હતાં; પછી તે સંખ્યા રોજરોજ વધતાં–વધતાં પંદર હજાર, વીસહજાર ને છેવટે લગભગ પચીસ હજાર સુધી પહોંચી ગઈ હતી. વાહનવ્યવહારની મોટી તકલીફો વચ્ચે પણ યાત્રિકોનાં ટોળેટોળા કોણ જાણે કઈ રીતે સોનગઢમાં ઉભરાઈ રહ્યા હતા! જેમ જગતની ગમે તેવી પ્રતિકૂળતાઓની વચ્ચે પણ સમવસરણમાં પ્રવેશ્યા પછી કોઈ પ્રતિકુળતા સતાવી શકતી નથી. તેમ ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ સુવર્ણપુરીની ધર્મસભામાં પ્રવેશ્યા પછી કોઈ પ્રતિકૂળતા લક્ષમાં રહેતી ન હતી; મુમુક્ષુઓને બસ એક જ લક્ષ રહેતું કે આપણા જૈનશાસનમાં વીરનાથ ભગવાને બતાવેલું ચૈતન્યતત્ત્વ કેવું મજાનું છે! –તે સમજી લઈએ... ને વીરપ્રભુના પંથે ચાલીને ભવથી પાર થઈએ, –આવી ભાવનાથી, કોઈપણ તકલીફની સામે જોયા વગર ઉત્સવમાં ખૂબ આનંદથી સૌ ભાગ લઈ રહ્યા હતા; ને ગુરુદેવના પ્રવચનો પણ આનંદકારી આવતા હતા. જૈનધર્મની મંગલપ્રભાવનાનો એક ધન્ય અવસર આનંદથી ઉજવાતો હતો.

ઉત્સવપ્રસંગે પ્રતિષ્ઠામંડપમાં પ્રદર્શનવિભાગમાં મોરબીના ભાઈઓ તરફથી બે સુંદર રચનાઓ રજુ કરવામાં આવી હતી. એક રચનામાં સુંદર કળામય 'મહાવીર ઝુલા' નું દ્રશ્ય હતું, તેમાં ત્રિશલામાતા નાનકડા વર્ધમાન કુંવરને પરમ હેતથી પારણે ઝુલાવી રહ્યા છે, ને માતા–પુત્ર આનંદકારી વાતચીત કરે છે–તે દ્રશ્ય દેખીને સૌને પ્રસન્નતા થતી હતી. બીજી રચનામાં કુંદકુંદસ્વામીનું પાવન દ્રશ્ય હતું; તેઓશ્રી સમયસાર શાસ્ત્ર લખી રહ્યા છે, અને તેમના મંગલચરણનો સ્પર્શ કરતાં ભક્તોને તેઓ આશીર્વાદપૂર્વક શાસ્ત્ર સંભળાવે છે–એ દ્રશ્યની રચના ઘણી ભક્તિપ્રેરક હતી. પૂ. ગુરુદેવ પણ આ રચનાઓ જોવા પધાર્યા હતા, ને કુંદકુંદસ્વામીના સોનેરી ચરણોનો સ્પર્શ કરીને તેનું ઉદ્ઘાટન કર્યું હતું. સોનેરી ચરણોને સ્પર્શ કરતાં જ કુંદકુંદપ્રભુના શ્રીમુખથી સમયસાર ૩૧ મી ગાથા (જે ગુરુદેવને અત્યંત પ્રિય છે તે) સંભળાણી હતી. –જાણે કુંદકુંદપ્રભુના સર્વાંગેથી (હોઠ હાલ્યા વગર) દિવ્યધ્વનિ જ છૂટતી હતી. ત્યારપછી, ત્રિશલામાતા વીરકુંવરને પારણિયે ઝુલાવી રહ્યા છે–તે દ્રશ્ય પણ ગુરુદેવે નીહાળ્યું હતું. રોજ હજારો પ્રેક્ષકોની

ભીડ આ દ્રશ્યો જોવા ઉમટતી હતી, ને પ્રભુનું હાલતું–ચાલતું–બોલતું દ્રશ્ય નીહાળીને સૌને પ્રસન્નતા થતી હતી. પૂ. બેનશ્રીબેને પણ બંને રચનાઓ પ્રસન્નચિત્તે નીહાળી હતી. શેઠ શાંતિપ્રસાદજી શાહુ, મુ. શ્રી રામજીભાઈ, પ્રમુખ શ્રી નવનીતભાઈ વગેરેએ પણ આ રચના દેખીને ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ફાગણ સુદ છઠ્ઠે વહેલી સવારથી મંગલ વાજિંત્રનાદથી સુવર્ણપુરી ગાજી રહી હતી. જિનમંદિરમાં સીમંધરપ્રભુના દર્શનની તો ભીડ લાગી હતી.... ભીડ છતાં શાંતિ હતી. સમવસરણમાં કરોડો–અબજો જીવો આવે છે છતાં કેવી અદ્‌ભુત શાંતિ હોય છે! તો અહીં પણ એનો જ નમુનો છે ને!

ફાગણસુદ પાંચમની રાત્રે સોનગઢના જૈનવિદ્યાર્થીગૃહ દ્વારા, તથા છઠ્ઠની રાત્રે ઘાટકોપરની ભજનમંડળી દ્વારા કુંદકુંદાચાર્યદેવના મહિમા સંબંધી નાટક થયું હતું. બંને દિવસના ભાવવાહી નાટકો દ્વારા કુંદકુંદસ્વામીનો મહિમા, વૈરાગ્યભાવનાઓ, તથા પરમાગમનો મહિમા વગેરે દ્રશ્યો જોઈને ગુરુદેવ અને હજારો ભક્તજનો ગદગદિત થઈ ગયા હતાં. રાત્રે વિદ્વાનો દ્વારા શાસ્ત્રસભા થઈ હતી.

ફાગણસુદ સાતમઃ આજથી પંચકલ્યાણકવિધિ શરૂ થતી હોવાથી જાણે કે કુદરત પણ ઉત્સવમાં સાથ પૂરાવવા આવતી હોય તેમ અષ્ટાન્હિકાનું શાશ્વતપર્વ આવી પહોચ્યું. અષ્ટાન્હિકાના દિવસો મંગળ ગણાય છે. સવારે દર્શન–પૂજન અને પ્રવચન પછી યાગમંડલવિધાન દ્વારા પંચપરમેષ્ઠીભગવંતો તેમજ જિનધર્મ, જિનવાણી, જિનચૈત્ય અને જિનાલય–એ નવદેવોનું ઇન્દ્રોએ પૂજન કર્યું હતું. બપોરે પ્રવચન પછી જલયાત્રાનું જુલુસ નીકળ્યું હતું.

રાત્રે મહાવીર–તીર્થંકરના ગર્ભકલ્યાણક પહેલાંની ઇન્દ્રસભાનું દ્રશ્ય થયું હતું; તીર્થંકર ભગવાનના મહિમા સંબંધી ધર્મચર્ચા થઈ હતી... ઇન્દ્રોની એ સભામાં મહાવીરપ્રભુનો જીવ પણ દેવપર્યાયમાં વિરાજમાન હતો; ને તેમની સાથે પણ દેવો તત્ત્વચર્ચા કરતા હતા. ઇન્દ્રોની આ ચર્ચા કેવી મજાની હતી! તે આપ આવતા અંકમાં વાંચશો.

ઇન્દ્રસભા પછી હવે આપણે મધ્યલોકમાં વીરપ્રભુની જન્મનગરીમાં શું થઈ રહ્યુ છે તે જોઈએ. અહો, અહીં સિદ્ધાર્થ મહારાજાની રાજસભાનું દ્રશ્ય શોભી રહ્યુ છે. ત્રિશલાદેવી પણ રાજસભાને શોભાવી રહ્યા છે; વીસ હજાર જેટલા સભાજનો રાજસભાની આનંદકારી ચર્ચા સાંભળી રહ્યા છે. ( રાજસભાની આ ચર્ચા આપ આવતા અંકમાં વાંચશો. )

# ❀ મહાવીરજન્મની મંગલ વધાઈ ❀

**ફાગણ સુદ નોમ આવી... ને પ્રભુના જન્મની મંગલ વધાઈ લાવી. અહા, આજે આપણી નગરીમાં તીર્થંકરનો જન્મ થયો છે. જગતની સર્વોત્કૃષ્ટ વધામણી આજે આપણને મળી છે. તે વધામણી સ્વીકારીને આત્માના અસંખ્યપ્રદેશની ચૈતન્યનગરીમાં સમ્યક્ત્વાદિ ભાવરૂપ આનંદનો મહાન મંગળ ઉત્સવ ઉજવીએ. -આવી ભાવનાથી વીરપ્રભુનો જન્મકલ્યાણક ઉત્સવ ઉજવાયો હતો.**

વહેલી સવારથી ચારેકોર મંગલનાદથી સુવર્ણપુરી ગાજી ઉઠી.... ચારેકોર ખળભળાટ મચી રહ્યો.... શેનો છે આટલો બધો ખળભળાટ! હજારો માણસો હોંશેહોંશે ક્યાં દોડયા જાય છે! અહો! અહો! અહીં તો મહાવીર તીર્થંકરનો અવતાર થયો છે.... તેમના જન્મોત્સવ માટે દેવો આવ્યા છે, ને મધ્યલોક આખોય પ્રભુના જન્મોત્સવના હર્ષાનંદથી ખળભળી ઊઠયો છે. !

વાહ! જેના જન્મે હર્ષનો આટલો ખળભળાટ! તે ભગવાન કેવા? હજી પરમાત્મપદ પામ્યા પહેલાં જે આત્માનો આટલો પ્રભાવ! તેના પરમાત્મપદના મહિમાની તો શી વાત! આમ આનંદોત્સવપૂર્વક હજારો ભવ્યજીવો પ્રભુના જન્મોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. પ્રભુના જન્મોત્સવની ખબર પડતાં વીસહજારથી વધુ ભવ્યજીવો સુવર્ણપુરીમાં ઉમટી રહ્યા છે. નાની નગરીમાં મોટો ઉત્સવ થઈ રહ્યો છે. સ્વર્ગે થી ઇન્દ્રો ઊતરી પડયા છે. પાંચ હાથી, પંચપરમેષ્ઠીની ભક્તિની મસ્તીથી ડોલી રહ્યા છે; "ભગવાનની સવારી મારા ઉપર " એવા મહાન ગૌરવથી પેલો હાથી એવો મસ્તાન બની ગયો છે.... કે બસ! મારા ઉપર તીર્થંકર ભગવાન બેઠા એટલે હું પણ જરૂર મોક્ષ પામીશ! બે રથ અને ઐરાવત કહે છે કે અમે ભલે અચેતન છીએ તો પણ ભગવાનના માર્ગમાં ચાલી રહ્યા છીએ ને ભગવાનના માર્ગની શોભા વધારીએ છીએ. અરે, અચેતનરથને પણ જિનમાર્ગનું આવું ગૌરવ! તો પછી ચેતનવંતા ભવ્યજીવની તો શી વાત?

જન્મોત્સવની ખુશાલીમાં ગુરુદેવ પણ કહે છે કે અરે જીવ! પરમાત્માના ઘરનાં આ કહેણ આવ્યા છે–તો તે સ્વીકારી લે, ને આત્માના આનંદ સાથે તારી સગાઈ કર. પ્રભો! તારો આત્મા રાગથી ભિન્ન છે, પણ તારી જ્ઞાન–આનંદમય દશાથી તારો

આત્મા ભિન્ન નથી. ઉપયોગસ્વરૂપ આત્મા પોતાના શુદ્ધ ઉપયોગમાં જ છે; ‘આમાં આ છે’ એવો ભેદ પણ અનુભૂતિમાં નથી રહેતો. આધાર–આધેયના ભેદ પણ અનુભૂતિમાં રહેતા નથી.

અહો, આત્માની આવી અનુભૂતિવાળા ઇન્દ્રો પણ તીર્થંકરદેવ પ્રત્યેની અત્યંત ભક્તિપૂર્વક આવી પહોંચ્યા છે. સિદ્ધાર્થરાજાની રાજસભામાં ને સારી નગરીમાં આનંદ–આનંદ છવાઈ ગયો છે. શચીદેવી તો બાલ–તીર્થંકરને તેડીને ખુશખુશાલ છે.... વાહ પ્રભુ! તમને ગોદમાં લેવાથી તો મને મોક્ષનો સિક્કો મલી ગયો. ઇન્દ્રમહારાજ પણ બાલતીર્થંકરને દેખીને એવા આનંદિત થયા કે એકસાથે હજાર નેત્રથી પ્રભુને નીહાળવા લાગ્યા... તોય તૃપ્તિ ન થઈ એટલે થાકીને ભગવાનને કહ્યું: હે દેવ! આ હજાર નેત્રોથી આપનું સાચું રૂપ નહીં દેખાય, આપનું સાચું રૂપ તો અતીન્દ્રિયજ્ઞાનચક્ષુ વડે જ દેખાય તેવું છે.

–આવા ભગવાનને ઐરાવત હાથી ઉપર તેડીને ઇન્દ્રોની મહાન સવારી દૂર–દૂર ઊંચે–ઊંચે ચાલી જાય છે..... ક્યાં જાય છે! ને શું કરે છે! તેનું આનંદકારી વર્ણન આપ હવેના અંકમાં વાંચશો.

**મહોત્સવના વિશેષ સમાચારો અને પ્રવચનો આવતા અંકમાં વાંચશોજી.**

## ❀ દેવીઓ દ્વારા માતાની સ્તુતિ ❀

ધન્ય ધન્ય છો હે માતા! તું જિનેશ્વરની માતા,
નંદન તારા જયવંત છે ત્રણલોકમાં.
જે પુત્ર તારો થાશે, તે મુનિ થઈ વિચરશે,
કેવળ પામી, એ ભવ્યજીવોને તારશે.
તારા ઉરમાં રત્ન બિરાજે, શ્રી તીર્થંકરપ્રભુ રાજે,
મોક્ષગામી! માતાજી જયવંત લોકમાં.
તારો પુત્ર મોટો થાશે, એ પરમાત્મા બની જશે,
જેને દેખી, સમકિત જીવો પામશે.

## ❀ સાચું અહિંસા-જીવન જીવવાની રીત ❀

**ભગવાન મહાવીરે કહેલા 'પરમ અહિંસાધર્મ' ને જાણવા માટે, અને તેવું જીવન જીવવા માટે, મુમુક્ષુ જીવે પ્રથમ તો ચૈતન્યઉપયોગ અને રાગ એ બંનેનું અત્યંત ભિન્નપણું જાણવું જોઈએ. ભિન્નપણું જાણે તો જ રાગ વગરના શુદ્ધઉપયોગરૂપ અહિંસક જીવન જીવી શકાય.**

એવું ભિન્નપણું કયા પ્રકારે જાણવું? એમ અંતરમાં જિજ્ઞાસા જાગે તો, –ભગવાન મહાવીરે અને તેમના શાસનમાં થયેલા સંતોએ તેવું ભિન્નપણું પોતાના આત્મામાં સાક્ષાત્ અનુભવીને આગમમાં પણ સ્પષ્ટ બતાવ્યું છે; તે અહીં કહીએ છીએઃ–

**સર્વજ્ઞ-જ્ઞાનવિશે સદા ઉપયોગલક્ષણ જીવ છે;**
**તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે? ૨૪.**

શરીરથી ને રાગાદિભાવોથી ભિન્ન, ચૈતન્યમય આત્મતત્ત્વને જે જાણતો નથી અને રાગાદિ–સંયુક્ત જીવને જ અનુભવે છે એવા અપ્રતિબુદ્ધ–જિજ્ઞાસુને, આચાર્યદેવ સર્વજ્ઞ–જ્ઞાનની સાક્ષીથી અને પોતાના સ્વાનુભવથી પ્રતિબોધે છે કેઃ હે ભાઈ! 'જે નિત્ય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે' એમ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે, આગમમાં પણ ભગવાને સ્પષ્ટ એમ પ્રકાશ્યું છે, ને અનુભવમાં પણ જીવ સદા જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. પોતાનું ઉપયોગપણું છોડીને જીવ કદી પુદ્ગલરૂપ તો થઈ જતો નથી; જેમ અંધકારને અને પ્રકાશને એકપણું નથી પણ જુદાપણું જ છે, તેમ ચેતનપ્રકાશ વગરના એવા રાગાદિભાવોને અને ચેતનપ્રકાશરૂપ ઉપયોગને કદી એકપણું નથી પણ સદા જુદાપણું જ છે. આમ તારા ઉપયોગલક્ષણ વડે તારા જીવને તું સમસ્ત જડથી ને રાગથી જુદો જાણ, ને ઉપયોગસ્વરૂપે જ પોતાને અનુભવમાં લઈને હે જીવ! તું અત્યંત પ્રસન્ન થા.... ને અહિંસક જીવન જીવ.

ઉપયોગસ્વરૂપની અનુભૂતિ રાગાદિથી અત્યંત ભિન્ન હોવાથી તે પરમ અહિંસારૂપ છે, એટલે ઉપયોગસ્વરૂપનો અનુભવ (શુદ્ધઉપયોગ) તે જ પરમ અહિંસાધર્મ છે, તે સાચું જીવન છે.

સર્વમાન્ય મોક્ષશાસ્ત્રમાં શ્રી ઉમાસ્વામી કહે છે કેઃ– 'उपयोगो लक्षणम्'

ઉપયોગ જેનું લક્ષણ છે તે જીવ છે. જીવને પોતાના ઉપયોગસ્વરૂપમાં સદા તન્મયપણું છે, રાગાદિમાં કે શરીરાદિમાં તેને તન્મયપણું નથી. તે ઉપયોગ કોઈથી રચાયેલો નથી, પોતાનું સત્પણું ટકાવવા તે કોઈ ઇન્દ્રિયોની કે રાગની અપેક્ષા રાખતો નથી, ઇન્દ્રિયો કે રાગ વગર તે સ્વયંસિદ્ધ જીવનું સ્વરૂપ છે.

**ઉપયોગ કહો કે ચેતના કહો-**

તે ચેતનાનું રાગરહિત નિર્મળ પરિણમન, એટલે કે શુદ્ધચેતના તે અહિંસા છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. અને તે ચેતનામાં રાગાદિ અશુદ્ધપરિણમન તે હિંસા છે, તે સંસારનું કારણ છે.

**જીવના પાંચ ભાવમાં ઉતારીએ તો-**

- ઉપયોગ તે પારિણામિકભાવ છે.
- ઉપયોગનું શુદ્ધ પરિણમન તે ક્ષાયિકાદિ ભાવરૂપ છે.
- રાગાદિભાવો તે ઔદયિકભાવ છે.

આ રીતે ઉપયોગને અને રાગને ભાવથી ભિન્નતા છે.

**નવ તત્ત્વમાં લઈએ તો-**

- ઉપયોગ તે જીવ અને સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વમાં આવે છે.
- રાગાદિભાવો આસ્રવ અને બંધતત્ત્વમાં આવે છે.

**ન્યાય-યુક્તિથી જોઈએ તો-**

* ઉપયોગ સાથે આત્માની સમવ્યાપ્તિ છે. * રાગાદિ સાથે આત્માની સમવ્યાપ્તિ નથી.

- અનુભવથી જોતાં પણ–રાગાદિ વગરના ઉપયોગસ્વરૂપે જીવ અનુભવમાં આવે છે, પણ ઉપયોગ વગરનો જીવ કદી અનુભવમાં આવતો નથી.

આ રીતે ઉપયોગ અને રાગ એ બંને તત્ત્વો ભિન્ન છે. ❀

---

❀ ગઢડા જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનું મૂરત વૈશાખ વદ બીજનું નક્કી થયું છે. ત્યારપહેલાં ચૈત્ર સુદ પુનમે સોનગઢથી પ્રસ્થાન કરીને ગુરુદેવ મુંબઈ પધારશે, ને વૈશાખ સુદ બીજની જન્મજયંતિ મુંબઈ ઉજવાશે, –એમ હાલના કાર્યક્રમ મુજબ વિચારવામાં આવ્યું છે. વિશેષ માહિતી આપ હવે પછીના અંકમાં વાંચશો.

# કલ્યાણક-પ્રસંગની મંગલભાવના

મંગલ–ઉત્સવપ્રસંગના સંદેશમાં વિદ્વાન ભાઈશ્રી ખીમચંદભાઈ જે. શેઠ લખે છે કે –

વીરતાના દિવ્ય સંદેશા આપનાર વીરલઘુનંદન પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પાવન છત્રછાયા હેઠળ ઉલ્લસિત ભાવપૂર્વક ઉજવાતા ભગવાન શ્રીમહાવીર પ્રભુના પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ પસંગે આપણે સૌ નિજ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવી ચૈતન્ય મહાપ્રભુના આશ્રયે મોહ–રાગ–દ્વેષનો નાશ કરીએ, તથા વ્યવહારરત્નત્રયના રાગની પણ ઉપેક્ષા કરીને સ્વરૂપની રચના કરવાનું મહાવીર્ય આપણા અંતરમાં પ્રગટ કરીએ એ જ પરમાર્થ કલ્યાણક છે, ને એવા ઉત્તમ લક્ષે આપણે આનંદથી આ ઉત્સવ ઉજવીએ.

**– જય મહાવીર !**

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી

પ્રકાશન સ્થાન – શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

પ્રકાશન તારીખ – દરેક માસની દસમી તારીખ.

પ્રકાશક – શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

મુદ્રક – મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.

સંપાદક – બ્ર. હરિલાલ જૈન, સોનગઢ.

તંત્રી – પુરુષોત્તમ શિવલાલ કામદાર, ભાવનગર.

રાષ્ટ્રીયતા – ભારતીય.

માલિક – શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

આથી હું જાહેર કરું છું કે ઉપરોક્ત વિવરણ મારી જાણકારી અને વિશ્વાસ અનુસાર સત્ય છે.

વ્યવસ્થાપક – ( મેનેજર )

તા. ૨૨–૩–૭૪ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

## ❀ ઉપયોગ એ જ આત્માનું જીવન છે. ❀

ઉપયોગસ્વરૂપની અનુભૂતિ એ જ સાચું જીવન છે.

પ્રશ્નઃ– આત્મા આયુકર્મ વગર જીવી શકે ?

ઉત્તરઃ– હા સાચું જીવન આયુકર્મ વગર જ જીવી શકાય છે. અનંત સિદ્ધભગવંતો આયુ વગર એવું જીવન જીવે છે. જીવના પ્રાણ ચૈતન્ય છે. [ आत्मद्रव्यहेतुभूत चैतन्यमात्र भावधारणलक्षणा जीवत्वशक्तिः। ] ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરીને સદા જીવે એવી આત્માની જીવત્વશક્તિ છે, એટલે જીવ સદા ચૈતન્ય–જીવનથી જીવનારો છે, આયુકર્મથી નહિ.

જો આયુકર્મથી જીવ જીવતો હોત તો બધા સિદ્ધભગવંતો મરી જાત.

આયુના અભાવમાં કાંઈ જીવનો અભાવ થતો નથી.

આવા ચૈતન્યજીવનને ઓળખે તેને દેહબુદ્ધિ રહે નહિ, ને મરણનો ભય મટી જાય.

જેને આયુકર્મનો અભાવ થયો તેનું મૃત્યુ કદી થઈ શકતું નથી.

શું આયુકર્મથી જીવ જીવે છે ? – ના. જેને આયુકર્મ નથી તે સદાય જીવે છે, તેને કદી મરણ થતું નથી. જેને આયુકર્મ છે તે તો મરે છે. હે જીવ ! આયુકર્મને આધીન રહીશ તો તું મરીશ. આયુકર્મથી છૂટો પડી જા તો તું સદા જીવીશ. આયુકર્મ વગર, સ્વાધીન ઉપયોગવડે તું જીવનાર છો. અરે, તને તારા આત્માનું સ્વાધીન જીવન જીવતાંય ન આવડયું, ને આયુકર્મને આધીન રહીને અનંતવાર તુ મર્યો, દુઃખી થયો. હવે, દેહ અને કર્મથી પાર તારા સ્વાધીન ચૈતન્યથી જીવતાં શીખ, તો કદી મરણ નહિ થાય, ને સદાકાળનું સુખી જીવન રહેશે.

સિદ્ધભગવંતો અમર છે; તેમને મરણ કેમ નથી ?

આયુકર્મનો સર્વથા અભાવ હોવાથી તેમને કદી મરણ નથી.

જો આયુથી જીવ જીવતો હોત તો તે આયુના અભાવમાં જીવનોય અભાવ થઈ જાત. જીવ તો આયુ વગર પોતાના ચૈતન્યપ્રાણથી જ જીવે છે–એવી તેની જીવત્વશક્તિ છે. જ્યાં ચૈતન્યભાવ પૂરો ખીલી ગયો છે ત્યાં અમર જીવન પ્રગટે છે.

આ રીતે ચૈતન્યમય વીતરાગભાવ તે આત્માનું જીવન છે.

**માટે હે ભવ્ય જીવો ! જિન-સિદ્ધાંત અનુસાર ઉપયોગસ્વરૂપ આત્માને જાણીને સાચું જીવન જીવો.**

( "અહિંસા પરમો ધર્મઃ" પુસ્તકમાંથી )

## ❀ ચાલો બાળકો આનંદ કરીએ- ❀

### ( ગતાંકના જવાબો )

સોનગઢમાં આનંદનો મહોત્સવ હમણાં પૂરો થયો. ઉત્સવપ્રસંગે તમને ૧૨ ઉખાણા પૂછેલા; લગભગ ૪૦૦ જેટલા વાંચકોએ હોંશથી જવાબ લખી મોકલ્યા છે-તે સૌને ધન્યવાદ! તે ઉખાણા અને તેના જવાબ અહીં આપ્યા છે.

( ૧ )

અક્ષર સાડાપાંચ છે. પ્રસિદ્ધ ભારતમાંય,
ત્રીજે-બીજે ઇષ્ટદેવ, એક-બેથી સંભળાય.
છેલ્લો-બીજો જળમાં વસે, ભારતના છે સન્ત.
એનું કહ્યું જો જાણશો તો લેશો ભવનો અન્ત.

**( કાનજીસ્વામી )**

( ૨ )

પહેલ-બીજે હેમ છે, ચાર અક્ષરનું ધામ;
ત્રીજે-ચોથે દૂર્ગ છે, કહોજી કયું તે ગામ?

**( સોનગઢ )**

( ૩ )

પ્રગટી વાણી વીરની, પંચાક્ષરી એ નામ;
ગૌતમ જ્યાં ગણધર થયા, કહોજી કયું તે ધામ?

**( વિપુલાચલ )**

( ૪ )

ઘાતીકર્મનો ક્ષય કરી, પ્રગટયું જ્ઞાન અનંત;
દેહ છતાં પરમાતમા.... કહોજી કયા ભગવંત?

**( અરિહંત )**

( ૫ )

ઉપયોગ લક્ષણ જેહનું, જાણે સૌને જેહ;
પણ ઇન્દ્રિથી જણાય ના, ઓળખી કાઢો તેહ.

**( આત્મા )**

( ૬ )

સત્સંગના સેવન થકી જેની પ્રાપ્તિ થાય,
એની પ્રાપ્તિ થયા પછી જરૂર મુક્તિ થાય.
એની પ્રાપ્તિ થતાં અહો !આનંદ ઉરમાં ન માય.
કરી લ્યે પ્રાપ્તિ એહની તે ધન્યધન્ય જગમાંય.

**( સમ્યગ્દર્શન )**

( ૭ )

જીવને જીવ જાણ્યો નહિ, ગણ્યું શરીરને જીવ;
જેથી બહુ દુઃખી થયો, કહો કેવી એ ટેવ?
દુશ્મન છઠ્ઠા ઊત્તરનો, જગતમાં એ દૂષ્ટ,
એને જો હણી નાંખશો તો થશો અહિંસક પુષ્ટ.

**( મિથ્યાત્વ )**

( ૮ )

જો આત્માને જાણશું, થઈશું એમાં લીન;
એનું ફળ શું પામશું? શોધી લેજો પ્રવીણ.

**( મોક્ષસુખ )**

( ૯ )

આત્માને નહિ જાણશો, કરશો કદી પુણ્યરાગ;
એનું ફળ શું પામશો ? શોચો જરા દિમાગ.

**( ભવ-દુઃખ )**

( ૧૦ )

સૌથી મોટા દેવ છે, વિચરે અવનિમાંય,
ભરતમાં આવે નહિ છતાં કર્યો પરમ ઉપકાર.
ભક્ત એના ભરતે વસે, સાંભળી એની વાણ.
સંત-હૃદય બિરાજતા કહોજી કયા ભગવાન ?

**( સીમંધર ભગવાન )**

( ૧૧ )

પ્રથમ બેમાં બાવન વસે, અક્ષર જેના પાંચ;
આપે સમ્યક્ જ્ઞાનને, જો તું ભાવથી વાંચ.
કુંદકુંદદેવનું હૃદય છે, ને વીરપ્રભુની વાણ,
કહાનગુરુને વાહલા ને ભારતના છે ભાણ.
જેનો ઉત્સવ અતિઘણો, મંદિર પણ છે મહાન,
વર્દ્ધમાન જિન શોભતા.... કહોજી એનું નામ !

**( પરમાગમ )**

( ૧૨ )

વર્ષ હજાર અઢી વીતીયા.... પણ વર્તે શાસન આજ.
એને જો ઓળખો તમે તો લઈ લ્યો મુક્તિરાજ.
કરતા વૃદ્ધિ ધર્મની ને પોતે ધર્મ-સ્વરૂપ,
સુવર્ણમાં પધારીયા, છે મહોત્સવ આનંદરૂપ.
ત્રણ શિખર એક મંદિરે, ને કળશા છે ઓગણીશ,
બિરાજે ભગવંત જે..... તેને નમાવું શીષ.

**( મહાવીર ભગવાન )**

ચૈત્ર સુદ તેરસ નિમિત્તે કે અન્ય પ્રસંગે પાઠશાળાઓમાં પ્રભાવના કરવા માટે આપ નીચેના પુસ્તકો મંગાવો –

સમ્યક્ત્વ-કથા: ( આઠ અંગના આઠ ચિત્રો, કથાઓ તથા પ્રવચનો સહિત ) કિંમત એક રૂપિયો.

બે સખી: ( સતી અંજના તથા હનુમાન જન્મની વૈરાગ્યપ્રેરક કથા ) ચિત્રો સહિત-કિંમત પચાસ પૈસા.

ખાસ સૂચના: ઉપરના બંને પુસ્તકોની જેટલી પ્રત આપ વૈશાખ સુદ બીજ સુધીમાં મંગાવશો, તેટલી જ બીજી પ્રત આપને ભેટ તરીકે આપવામાં આવશે. ( પોસ્ટેજ ફ્રી )

– બ્ર. હરિલાલ જૈન
સંપાદક આત્મધર્મ: સોનગઢ ( ૩૬૪૨૫૦ )

## આવી રહી છે-ચૈત્ર સુદ તેરસ * જન્મયા વીરપ્રભુ ભગવાન !

### “જન્મ તુમારો રે... જગતને આનંદ કરનારો...”

મહાવીર ભગવાનના વિજયડંકા ફરીને ભારતમાં વાગી રહ્યા છે... જાણે આજે વીરનાથ ભગવાન ફરીને આ ભરતક્ષેત્રમાં વિહાર કરી રહ્યા હોય એવું વાતાવરણ આજે વર્તી રહ્યુ છે. થોડા દિવસમાં ચૈત્ર સુદ ૧૩ આવી રહી છે. આનંદથી આપણે સૌ પ્રભુને સાક્ષાત્‌રૂપ કરીને જન્મકલ્યાણક ઊજવીશું. હમણાં સોનગઢમાં આપણે વીરનાથપ્રભુના પંચકલ્યાણક નીહાળ્યા. તેમાં ‘મહાવીરઝૂલા’ નું અત્યંત આનંદકારી દ્રશ્ય આપે જોયું હશે, ને ત્રિશલામાતા સાથે નાનકડા વીરકુંવર કેવી મજાની મીઠી ચર્ચા કરે છે તે પણ આપે સાંભળ્યું હશે માતા–પુત્રની તે આનંદકારી ચર્ચા મધુર સંગીત સહિત જેણે સાંભળી હશે–તેના કાનમાં હજી તેના મધુરનાદ ગુંજતા હશે. અહીં સામે પાને તે માતા–પુત્રની ચર્ચા છપાય છે. આપને તે વાંચીને આનંદ થશે.

બીજું ચૈત્ર સુદ તેરસે ઠેરઠેર પ્રભાવના કરવા માટે નીચેના બે પુસ્તકો આપને ખૂબ જ ઉપયોગી થશે–

### પરમાગમ-મહોત્સવપત્રિકા

વીરપ્રભુના પંચકલ્યાણકનું અત્યંત આનંદકારી સુંદર વર્ણન તેમજ તે પ્રસંગના પ્રવચનોની મધુરી પ્રસાદી, ૧૦૦ પાનાં ભરીને વાંચતાં આપનું હૈયું પ્રસન્નતાથી ઝૂલી ઊઠશે. વીરકુંવરની ને ત્રિશલામાતાની મીઠી વાતો પણ તેમાં જ આપ વાંચશો.

**( કિંમત સવા રૂપિયો )**


### અહિંસા પરમો ધર્મ:

મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ નિમિત્તે પ્રકાશિત થયેલ આ પુસ્તક રંગબેરંગી પ્રીન્ટિંગ તેમજ ચિત્રો સહિત, આકર્ષક શૈલીમાં વીરશાસનના જૈનસિદ્ધાંતને રજૂ કરે છે, ને અહિંસા ધર્મનું અદ્‌ભૂત સ્વરૂપ દ્રષ્ટાંત સહિત સમજાવે છે. હિંદી તેમજ ગુજરાતી બંને ભાષામાં છે.

**( કિંમત ચાલીસ પૈસા )**

**ઈંગ્લીશ જૈન બાળપોથી:: સાહિત્યપ્રચારમાં એક નવું જ કદમ.**
**યુવાનોમાં વહેંચવા માટે ખાસ ઉપયોગી: ( કિંમત ૫૦ પૈસા )**

# 卐 વર્દ્ધમાન ઝૂલા 卐



**નાનકડા બાલતીર્થંકર વર્દ્ધમાનકુંવર અંતરમાં તો ચૈતન્યના આનંદઝૂલે ઝૂલી રહ્યા છે; ને બહારમાં ત્રિશલામાતા એમને દિવ્ય પારણે ઝુલાવી રહ્યા છે. બાલતીર્થંકર પોતાના બાલમિત્રો સાથે આનંદથી ખેલે છે, ને માતાજી સાથે પણ અવનવી વાતું કરીને માતાને આનંદ પમાડે છે. એકવાર ફાગણ સુદ તેરસે માતા-પુત્ર કેવી મજાની ચર્ચા કરે છે, તે આપણે પણ સાંભળીએ -**

( મંગલ વાજાં )

માં... ઓ... માં !

હાં, બેટા વર્દ્ધમાન ! બોલિયે.

મા, શુદ્ધાત્મતત્ત્વનો મહિમા કેવો અગાધ છે ! તેની તને ખબર છે ?

હા, બેટા ! જયારથી તું ગર્ભમાં આવ્યો ત્યારથી શુદ્ધાત્મતત્ત્વનો અગાધ મહિમા મેં જાણી લીધો.

આત્માનો કેવો મહિમા જાણ્યો ! મા, મને કહો.

બેટા, જયારથી અહીં આકાશમાંથી વૃષ્ટિ થવા માંડી, જયારથી મેં દિવ્ય ૧૬ સ્વપ્નો દેખ્યા, ને તે સ્વપ્નનાં અદ્‌ભૂત ફળ જાણ્યા ત્યારથી મને એમ થયું કે– અહા, જેના પુણ્યનો આવો આશ્ચર્યકારી પ્રભાવ... તે આત્માની પવિત્રતાની શી વાત ! એવો આરાધક આત્મા મારા ઉદરમાં બિરાજી રહ્યો છે. –એમ અદ્‌ભૂત

આરાધકભાવનો વિચાર કરતાં કોઈ અચિંત્ય આનંદસહિત શુદ્ધાત્મતત્ત્વ મને ભાસ્યું. બેટા મહાવીર! એ બધો તારો જ પ્રતાપ છે.

અહો માતા! તીર્થંકરની માતા થવાનું મહાભાગ્ય તને મળ્યું; તું જગતની માતા કહેવાણી. ચૈતન્યના અદ્‌ભુત મહિમાને જાણનારી હે માતા! તું પણ જરૂર મોક્ષગામી છો.

બેટા, વર્દ્ધમાન! તારી વાત સત્ય છે. સ્વર્ગેથી તારું આગમન થયું ત્યારથી અંતર અને બાહ્ય વૈભવ વૃદ્ધિગત થવા લાગ્યો છે... મારા અંતરમાં આનંદની અપૂર્વ સ્ફુરણા થવા લાગી છે.... મને તારા આત્માનો સ્પર્શ થયો ત્યારથી આરાધક ભાવ શરૂ થઈ ગયો છે, ને એક ભવે હું પણ તારી જેમ મોક્ષને સાધીશ.

અહો, ધન્ય માતા! મારી માતા તો આવી જ શોભે. માતા, તારી વાત સાંભળીને મને આનંદ થાય છે. હું આ ભવમાં જ મોક્ષને સાધવા અવતર્યો છું, તો મારી માતા પણ મોક્ષને સાધનારી જ હોય ને!

બેટા, તું તો આખા જગતને મોક્ષમાર્ગ દેખાડનાર છો; તારા પ્રતાપે તો જગતના ભવ્ય જીવો આત્માને જાણશે, ને મોક્ષમાર્ગને પામશે. –તો હું તારી માતા, કેમ બાકી રહું? હું પણ જરૂર મોક્ષમાર્ગે આવીશ. બેટા, તું ભલે આખા જગતનો નાથ... પણ મારો તો પુત્ર! તને આર્શીવાદ આપવાનો તો મારો હક્ક છે.

વાહ માતા! તારું હેત અપાર છે.... માતા તરીકે તું પૂજ્ય છો.... તારું વાત્સલ્ય જગતમાં અજોડ છે.

( સુવર્ણપુરી સ્વાધ્યાય સુમંદિરઃ એ રાગ )

માતા મારી મોક્ષસાધિકા ધન્ય ધન્ય છે તુજને...
તુજ હૈયાની મીઠી આશીષ વહાલી લાગે મુજને..
માતા! દરશન તારા રે... જગતને આનંદ કરનારા..
બેટા, તારો અદ્‌ભુત મહિમા સમ્યક્ હીરલે શોભે..
તારા દર્શન કરતાં ભવ્યો, મોહનાં બંધન તોડે...
બેટા! જન્મ તુમારો રે જગતને આનંદ દેનારો...
માતા! તારી વાણી મીઠી, જાણે ફૂલડાં ખરતાં...
તારા હઈડે હેત–ફૂવારા ઝરમર–ઝરમર ઝરતાં...
માતા! દરશન તારા રે...જગતને આનંદ કરનારા..
( વાહ બેટા! તારી વાણી તો અદ્‌ભુત છે ને ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ દેખાડનાર છે. )
તારી વાણી સુણતાં ભવ્યો, મુક્તિપંથે દોડે...
ચેતનરસનો સ્વાદ ચાખે ત્યાં રાજપાટ સબ છોડે...
બેટા, જન્મ તુમારો રે, જગતને મંગલકારી રે...
જાગે ભાવના માતા મુજને ક્યારે બાનું વીરાગી...
બંધન તોડી રાગતણાં સૌ બાનું પરિગ્રહત્યાગી...
માતા! દરશન તારા રે જગતને આનંદ કરનારા,
બેટા, તું તો બે જ વરસનો પણ ગંભીરતા ભારી...
ગૃહવાસી પણ તું તો ઉદાસી, દશા મોહથી ન્યારી...
બેટા, જન્મ તુમારો રે જગતને આનંદ દેનારો.

માતા ! તું તો છેલ્લી માતા માત બીજી નહિ થાશે,
રત્નત્રયથી કેવળ લેતાં જન્મ–મરણ દૂર જાશે...
માતા ! દરશન તારા રે જગતને આનંદ કરનારા....
બેટા, તું તો જગમાં ઉત્તમ આત્મ-જીવન જીવનારો...
દિવ્યધ્વનિનો સંદેશ દઈને મુક્તિમાર્ગ ખોલનારો...
બેટા... ધર્મ તુમારો રે જગતનું મંગલ કરનારો...
માતા ! મુક્તિમારગ ખુલ્લો ભવ્યો ચાલ્યા આવે...
ભરતક્ષેત્રમાં જયવંત શાસન આનંદમંગલ આપે...
માતા ! દરશન તારા રે જગતને આનંદ કરનારા.
બેટા, તું તો વર્દ્ધમાન સાચો, ધર્મવૃદ્ધિ કરનારો,
મહાવીર પણ સાચો તું છો, મોહમલ્લ જીતનારો...
બેટા, ધર્મ તુમ્હારો રે... જગતનું મંગલ કરનારો...

માતા, કરું વીતરાગી વૃદ્ધિ નિજ પરમ પદ પામું,
જીવ બધા જિનધર્મને પામો... એવી ભાવના ભાવું...
માતા ! દરશન તારા રે જગતને આનંદ દેનારા...
બેટા, જગમાં ધર્મની વૃદ્ધિ થાશે તારા પ્રતાપે,
જે ચાલે તુજ પગલે પગલે મોક્ષપુરીમાં આવે...
બેટા, ધર્મ તમારો રે જગતને આનંદ દેનારો...
માતા ! અનુભૂતિ ચેતનની અતિશય મુજને વહાલી,
અનુભૂતિમાં આનંદ ઉલ્લસે એની જાત જ ન્યારી...
માતા... દરશન તારા રે જગતને આનંદ દેનારા...
બેટા, તું તો સ્વાનુભૂતિની મસ્તીમાં નિત મ્હાલે...
હીંચોળું હીરલાની દોરે, ઉરનાં વહાલે-વહાલે...
બેટા, જન્મ તમારો રે જગતને આનંદ દેનારો...

( અહો, ત્રિશલામાતા અને બાલ–તીર્થંકર વર્દ્ધમાનકુંવરની આ ચર્ચા અદ્ભૂત આનંદકારી છે. આજે પણ આવી માતા અને આવા બાળકો ઉત્તમ સંસ્કાર વડે જૈનશાસનને શોભાવી રહ્યા છે. એવો ધર્મયુગ પૂ. ગુરુદેવના પ્રતાપે આવી રહ્યો છે. વીરનાથ ભગવાનના અઢીહજારમા નિર્વાણમહોત્સવનું આ મહાન વર્ષ જગતના જીવોને મંગળરૂપ હો. ) –બ્ર. હરિલાલ જૈન

**જય મહાવીર**

## કંકોતરી

( રાગઃ એક અદ્‌ભુત આત્મા... )

આનંદકારી ઉત્સવની આ મંગલ કંકોતરી ફરીને પણ વાંચતા આપને પ્રસન્નતા થશે, ને ચેતનરસનું પાન કરવા સોનગઢ આવવાનું મન થશે. ( સં. )

શ્રી વીરપ્રભુના મંડપમાં વળી કુંદગુરુના મંડપમાં,
પરમાગમના મંડપમાં........ તમે.... આવજો.... પધારજો... તમે......

વિદેહીનાથ પધારજો વળી સાધકસંતો આવજો,
અઢીદ્વીપનાં સૌ સાધર્મી.... તમે આવજો.... પધારજો... તમે.......... શ્રીવીર.

જ્યાં સમકિતનાં તો તોરણ છે, સુજ્ઞાન–મંગલદ્વાર છે,
જ્યાં ચારિત્ર–શિખર શોભે છે.... તમે આવજો....પધારજો.... તમે...શ્રીવીર.

પચ્ચીસો વરસે આવ્યા છે શ્રીવીર પ્રભુજી પધાર્યા છે,
દર્શન આનંદકાર છે.... તમે આવજો.... પધારજો.... તમે...............શ્રીવીર.

શ્રીગુરુ કહાન બોલાવે છે સૌ ભક્તો સ્વાગત આપે છે,
સુવર્ણે વાજાં વાગે છે..... તમે આવજો.... પધારજો.... તમે............શ્રીવીર.

જ્યાં આનંદ અપરંપાર છે, જ્યાં ચૈતન્યનાં રસપાન છે,
જ્યાં રત્નત્રયનાં દ્વાર છે.... તમે આવજો.... પધારજો.... તમે.........શ્રીવીર.

જ્યાં વીરપ્રભુનાં વહેણ છે, જ્યાં કુંદપ્રભુનાં કહેણ છે,
જ્યાં ખુલ્લા મુક્તિ મારગ છે.... તમે આવજો.... પધારજો.... તમે...શ્રીવીર.


ઉત્સવ આનંદકાર છે, વીરના જયજયકાર છે;
ભવથી બેડા પાર છે, તમે આવજો.......... પધારજો........ તમે.......શ્રીવીર.

વિદેહીનાથ બિરાજે છે પ્રભુ ચેતનરસ પીવડાવે છે;
એ ચેતન રસને ચાખવા..... તમે આવજો.... પધારજો...... તમે.....શ્રીવીર.

# વિદેહીનાથ પધારજો....સૌ સાધક-સંતો આવજો




ઉત્સવની મંગલકંકોતરી લખાણી તે વખતનાં દ્રશ્યો




ચેતનરસને ચાખવા....તમે આવજો...પધારજો....

**શ્રી મહાવીરપ્રભુના અઢીહજારમા નિર્વાણ મહોત્સવના વર્ષમાં**

## અમે આટલુ કરીશું–

૧ જ્યાં જિનમંદિર હશે ત્યાં હું હંમેશા દર્શન કરીશ.
૨ આત્મહિત માટે હંમેશા જૈનશાસ્ત્રનું વાંચન કરીશ.
૩ જૈનમાર્ગનું જ પરમ ભક્તિથી સેવન કરીશ.

૧ રાત્રે કદી ખાઈશ નહીં.
૨ અણગળ પાણી પીશ નહીં.
૩ લૌકિક સિનેમા જોઈશ નહીં.

બંધુઓ–બહેનો! ઉપર લખેલી ત્રણવાત કરવાનું, અને ત્રણવાત ન કરવાનું સૌને માટે સહેલું છે. ઘણું કરીને તો તમે તેનું પાલન કરતા જ હશો; ન કરતા હો તો હવે બરાબર પાલન કરજો; ને આ દિવાળી તથા આવતા વર્ષની દિવાળી (એટલે વીર સં. ૨૫૦૦ તથા ૨૫૦૧) સુધી તેનું પાલન જરૂર કરજો. સ્વીકૃતિપત્ર નીચે મુજબ (પોસ્ટકાર્ડમાં જ) લખી મોકલશો. દિવાળી પહેલાં ઓછામાં ઓછા અઢી હજાર સ્વીકૃતિપત્ર આવી જશે એવી આશા રાખીએ છીએ.

“મહાવીરપ્રભુના અઢીહજારમા નિર્વાણ–મહોત્સવના વર્ષમાં આપે આત્મધર્મમાં સૂચવેલી છ બાબતોનું હું પાલન કરીશ, ને વીરપ્રભુના માર્ગમાં આત્મહિત સાધીશ.”

લી. (પૂરું નામ : ઉંમર :) નાના કે મોટા, ભાઈ કે બેન, બાળક કે વૃધ્ધ સૌ કોઈને આમાં ભાગ લેવા નિમંત્રણ છે.

સંપાદક : આત્મધર્મ : સોનગઢ (364250)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન, સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : ફાગણ (૩૬૫)